**સુવિચાર**

આપણી પાસે સારા વિચારો કરી શકે તેવું મગજ તો છે પણ એ શુભવિચારોને અમલી બનાવે તેવું મનોબળ નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૫/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ જેઠ સુદ–૫ વર્ષ : ૧૫ અંક : ૧૩૬


## દબાણ થતું હોય ત્યારે સુતા રહેતા તંત્રને અચાનક જ દબાણો હટાવવાનું જોશ ચડયું છે

# અમરેલીનાં ભાજપ અગ્રણીનો દબાણ હટાવ ઝૂંબેશ સામે જબબરો કટાક્ષ

**જાણે યુધ્ધ હોય તેમ પોલીસની ફલેગમાર્ચ થાય છે, નાના ધંધાર્થીઓનાં લારી–ગલ્લા હટાવવામાં કોઈ બહાદુરી નથી**

**ગરીબોની આજીવિકા છીનવી કોઈ શહેર સુંદર બની શકે નહી**


**સત્તાધારી પક્ષનાં જ આગેવાને દબાણ હટાવ ઝૂંબેશ સામે અવાજ ઉઠાવતા ચકચાર મચી**

**શહેરમાં આજથી દબાણ હટાવ ઝૂંબેશ શરૂ થઈ રહી હોય રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગ પર સૌની નજર**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં ભાજપ શાસિત પાલિકા ધ્વારા આવતીકાલ બુધવારથી કાચા દબાણોને હટાવવાની ઝૂંબેશ શરૂ થઈ રહી હોય તેવા સમયે ભાજપનાં અગ્રણી ડો. ભરત કાનાબારે સોશ્યલ મીડિયા ધ્વારા દબાણ હટાવ ઝૂંબેશ સામે જબ્બરો કટાક્ષ કરતાં શહેરનાં નાના વેપારીઓમાં તેઓ પ્રત્યે અહોભાવ જોવા મળી રહ્યો છે.

ભાજપ અગ્રણીએ કરેલ ટવીટમાં જણાવેલ છે કે, દબાણ થતું હોય ત્યારે સુતા રહેતા તંત્રને અચાનક જ દબાણો હટાવવાનું જોશ ચડયું છે. જાણે યુધ્ધ હોય તેમ પોલીસની ફલેગ માર્ચ થાય છે. પ્રાઈવેટ મિલ્કતને ટ્રાફિકને અડચણરૂપ ના હોય તેવા નાના ધંધાર્થીઓને લારી–ગલ્લા હટાવવામાં કોઈ બહાદુરી નથી. ગરીબોની આજીવીકા છીનવી કોઈ શહેર સુંદર બની શકે નહી.




શહેરમાં કાલથી કાચા દબાણો દૂર થવાનાં હોય તેવા સમયે ડો. જીવરાજ મહેતા ચોકમાં વગર મંજૂરીએ તૈયાર થયેલ ૬ માળનાં રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગને દૂર કરવામાં આવે છે કે કેમ તેના પર સમગ્ર શહેરીજનોની નજર મંડાયેલી છે.

## આખરે શિકારી પીંજરે પુરાયો

# ખાંભા : ભાણીયા ગામે ખેડૂત ઉપર હુમલો કરનાર દીપડાને આખરે ઝડપી લેવાયો

**ભાણીયા ગામમાં પાંચ દિવસમાં બે વખત હુમલાની ઘટના બની**

અમરેલી, તા. ૨૩

વનકાંઠાનાં ખાંભા તાલુકાનાં ભાણીયા ગામે છેલ્લા ૫ દિવસમાં માનવ ઉપર દીપડાએ હુમલા કરવાની બે ઘટના બની હતી. જેને લઈ આ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હોય. લોકો ધ્વારા આવા દીપડાને પીંજરે પુરવાની માંગ થતાં વન વિભાગ છેલ્લા એક અઠવાડીયાથી અલગ અલગ સ્થળે પીંજરા ગોઠવી અને દીપડાને પીંજરે પુરવા માટે રાત ઉજાગરા કરતું હોય. ત્યારે આજે આ દીપડાને પીંજરે પુરવામાં વન વિભાગને સફળતા મળી છે તેમ રાજદિપસિંહ ઝાલાએ જણાવ્યું હતું.



આ બનાવમાં ખાંભા તાલુકાનાં ભાણીયા ગામે પાંચ દિવસમાં વન્ય પ્રાણી દીપડાએ બે માનવી ઉપર હુમલો કરી ઘાયલ કર્યાનાં બનાવો બન્યા હતા. જેને લઈ વન વિભાગે એક અઠવાડીયાથી દોડધામ કરી આખરે એક દીપડાને પીંજરે પુરવામાં સફળતા મેળવી છે.

ઝડપાયેલ દીપડાએ બન્ને અલગ અલગ ઘટનામાં હુમલા કર્યા હતા કે કેમ ? તે અંગે એનીમલ કેર સેન્ટર ખાતે લઈ ગયા બાદ તપાસ હાથ ધરવામાં આવશે.

## કયારેક એક તો કયારેક ત્રણ–ત્રણ કલાક બસ મોડી ઉપડે

# નારાજગી : બગસરા એસ.ટી. ડેપોમાંથી ઉપડતી સુરત રૂટની એસ.ટી. બસની અનિયમિતતા દૂર થતી નથી

**એસ.ટી.નાં ચાલક મનફાવે તે સમયે બસ ઉપાડતા હોય મુસાફરોમાં રોષ**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

જવાબદાર અધિકારીઓની મિલીભગત પ્રાઈવેટ સુરત જતી બસોને પ્રોત્સાહન હપ્તાશાહી વલણ ડેપો મેનેજરની ઘોર બેદરકારી જોવા મળી અગાઉ ત્રણ ત્રણ દિવસ થયા બગસરા સુરત સવારે ૭:૦૦ વાગે ઉપડતી બસ ત્રણ કલાક મોડી ઉપડી હતી અને કારણ જાણવા મળ્યું હતું કે ડ્રાઈવર આવ્યા નથી આવું અનેક વાર બન્યું હતું. તાજેતરમાં જ ગઈકાલે ફરી એ જ કિસ્સો બન્યો છે જે બસ સવારના સાત કલાકે બગસરા સુરત ઉપડે છે તે ૮:૦૦ વાગે એક કલાક લેટ ફરી મોડી ઉપાડતા પેસેન્જરોમાં અનેક સવાલો ઉઠયા છે. આ આ બસ ઓનલાઈન જીપીઆર સિસ્ટમવાળી બસ હોવાથી જેમાં પાંચથી દસ મિનિટ મોડી ઉપડે તો પણ રજીસ્ટરમાં કયા કારણોસર કોના કારણોસર આ ગાડી લેટ ઉપડી છે તેવી એન્ટ્રી પાડવાની હોય છે પણ આ કોના કહેવાથી અને શું કામ આ બસ મોડી પડે છે. તે બાબતે જો ખુલાસો કરવામાં નહીં આવે તો અને જવાબદાર જે કોઈ પણ અધિકારીઓ પોતાના લુલ્લા બચાવો કરશે તો પણ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## છેલ્લા ૧૦–૧૨ દિવસથી ચાલતી અટકળો પર આવશે પૂર્ણવિરામ

# અમરેલીમાં આજે સવારે ૯નાં ટકોરે દબાણ હટાવ ઝુંબેશનો પ્રારંભ : કંઈકનાં જીવ તાળવે ચોંટયા

**જો કે મોટાભાગનાં દબાણકર્તાઓએ સ્વૈચ્છાએ દબાણ હટાવી લીધું**

અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરમાં આવતીકાલ બુધવારતી પાલીકા દ્વારા પોલીસનાં સહાયોગથી સવારે ૯નાં ટકોરે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

શહેરમાં છેલ્લા ૧૦–૧૨ દિવસથી દબાણ–હટાવ ઝુંબેશને લઈને ચાલતી તમામ અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાશે. જો કે શહેરમાં મોટાભાગનાં દબાણકર્તાઓએ સ્વૈચ્છાએ દબાણ હટાવી લીધું હોય બાકીનાં સ્થળોએથી દબાણ હટાવની કામગીરી કરવામાં આવશે.

## વડિયા નજીક આવેલ

# સનાળી ગામે સ્મશાન પાછળ નદીનાં કાંઠે જુગાર રમતા ૪ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૨૩

વડિયા તાલુકાનાં સનાળી ગામે રહેતા અમીતભાઈ ઉર્ફે યોગેશ રમેશભાઈ ડાભી સહિત ૪ ઈસમો તા. ૨૧નાં રોજ રાત્રીનાં સમયે સનાળી ગામે સ્મશાન પાછળ નદીનાં કાંઠે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે વડિયા પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૦૩૪૦ની મતા કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


**જોઈએ છે**

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

તક માત્ર બાર ખખડાવી શકે, દરવાજો તો આપણે જ ખોલવો પડે ....

95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



**ડૉ. પિયુષ વી. ગોસાઈ**

(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?

સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી

અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.

Muk Badhir Seva Trust

કિલનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોકલીયર ઈમ્પ્લાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિક્યુલેશન થેરાપી
- ફલ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઈસ થેરાપી
- કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT

ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે

કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન

શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક

બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

### છેલ્લા એક મહિનાથી ચાલતું આંદોલન વેગવંતુ બની રહ્યું છે

# નવી દિલ્હી ખાતે મહિલા પહેલવાનોને "ન્યાય આપો"ની માંગ બુલંદ બની

એકાદ દાયકા પહેલા નવી દિલ્હીમાં બનેલ નિર્ભયાકાંડ જેવો માહોલ દેશનાં પાટનગરમાં બની રહ્યો હોય સરકાર બેફિકર

હજારો મહિલાઓ અને પુરૂષોએ ઈન્ડિયા ગેઈટ સુધી કેન્ડલ માર્ચ યોજીને સરકારની આંખ ઉઘાડવા પ્રયાસ કર્યો

ભાજપનાં સાંસદ સામે બબ્બે એફઆઈઆર અને તેમાં પણ પોકસો મુજબ ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી થતી નથી

આગામી રવિવારે નવા સંસદ ભવનમાં મહિલાઓ દ્વારા મહા પંચાયત યોજવાની પણ જાહેરાત કરાઈ



નવી દિલ્હી, તા. ૨૩

દેશનાં પાટનગરમાં મહિલા પહેલાવનોએ ભાજપનાં સાંસદ બ્રિજભુષણ વિરૂધ્ધ ગંભીર પ્રકારની ફરિયાદ દાખલ થયા બાદ સાંસદની ધરપકડ કરવાની માંગ સાથે આંદોલન શરૂ કર્યુ હોય, મહિલા પહેલવાનોને સમગ્ર દેશમાંથી સમર્થન મળી રહ્યું છે.

દરમિયાનમાં આજે સાંજે જંતરમંતર મેદાનથી ઈન્ડિયા ગેઈટ સુધી કેન્ડલ માર્ચ યોજીને સરકારની આંખ ખોલવાનો પ્રયાસ કરાયો હતો. જેમાં વિશાળ જનમેદની એકત્ર થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી.

આરોપી સામે "પોકસો" એકટ અંતર્ગત ફરિયાદ નોંધાયા બાદ હજુ સુધી ધરપકડની કાર્યવાહી ન કરાતા ભારે રોષ ઉભો થઈ રહ્યો છે. દેશને આંત્તરરાષ્ટ્રીય ખ્યાતી અપાવનાર મહિલા પહેલવાનો એક મહિનાથી ન્યાયની માંગ કરે છતાં પણ કેન્દ્ર સરકાર આરોપીની અટકાયત કરતી ન હોય આગામી રવિવારે સંસદભવનનાં પ્રારંભનાં દિવસે જ મહિલાઓએ નવા સંસદભવનમાં જ મહાપંચાયત કરવાની ચીમકી આપી હોય દેશનાં પાટનગરમાં નિર્ભયાકાંડ વખતે જે રોષ ઉભો થયો હતો તેવો જ માહોલ જોવા મળી રહ્યો હોય આગામી દિવસોમાં નવા–જુનીનાં એંધાણ જોવા મળી રહ્યાં છે.

### સમગ્ર ભારતની સૌથી મોટી STEM QUIZ માં

## સલડીનાં ડો. કેતન કાનપરિયાએ QUIZ MASTER તરીકે અભૂતપૂર્વ સંચાલન કર્યુ



અમરેલી, તા. ૨૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) અને ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી. (D.S.T.) ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા ભારતની સૌથી મોટી (GUJARAT STEM QUIZ 2.0 ) નું તા. ૯/૫/૨૦૨૩ થી તા.૧૨/૫/૨૦૨૩ દરમિયાન ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ (GUJARAT STEM QUIZ 2.0)માં ગુજરાત સાડા પાંચ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ રાજય કક્ષાની (GUJARAT STEM QUIZ 2.0)માં તા.૧૧/૫/૨૦૨૩ ના રોજ અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાનાં સલડી ગામનાં કવિ, વિવેચક અને સંશોધક તેમજ સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયાનાં પ્રોફેસર ડો.કેતન વિનુભાઈ કાનપરિયાએ સરકારી વિનયન અને વાણિજય કોલેજ. લીલીયાના પ્રોફેસર ડો.કેતન વિનુભાઈ કાનપરિયાએ (QUIZ MASTER)તરીકે અભૂતપુર્વ સંચાલન કરીને ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST)ના એડવાઈઝર ડો.નરોત્તમ સાહુ ની પ્રેરક ઉપસ્થિતમાં યોજાયેલી આ રાજય કક્ષાની (QUIZ)માં ડો.કેતન કાનપરિયાએ (SCIENCE, TECHNOLOGY, ENGINEERING )અને વિષય ઉપર પ્રાઈમરી રાઉન્ડ અને સ્ટેજ (ફાઈનલ) રાઉન્ડમાં ડીઝીટલ પ્રશ્નોતરી દ્વારા સુંદર દેખાવ કરીને સૌ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત પ્રેક્ષકોને રોમાંચિત કરી દીધા હત.ા આ રાજય કક્ષાની (QUIZ)મા પ્રાચીન ભારતીય મહાપુરૂષોએ વિજ્ઞાન અને ગણિતના ક્ષેત્રમાં કરેલા કરેલા અસામાન્ય યોગદાનને યાદ કરીને ડો.કેતન કાનપરિયાએ ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડો.કેતન કાનપરિયાએ આધુનિક યુગમાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી ક્ષેત્રે થયેલા નોંધપાત્ર સંશોધનો અને વિશિષ્ટ ઘટનાઓની સાદર નોંધ લઈને પછી પ્રાચીન ભારતનાં વરાહમિહિર, આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત વગેરે મહાપુરૂષોએ ગણિત, વિજ્ઞાન ક્ષેત્રમાં કરેલા મહાન કાર્યોની વિગતવાર છણાવટ કરીને સૌનું ધ્યાન ખેંચ્યુ હતું. આજની ૨૧ મી સદીનાં વિજ્ઞાન અને ટેકનોલોજીના આ ડીઝીટલ યુગમાં ભારતની સૌથી મોટી (QUJARAT STEM QUIZ 2.0)માં ડો.કેતન કાનપરિયાએ ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજીની સાંપ્રત વિશિષ્ટઓની સાથે સાથે ભારતનાં પ્રાચીન તથા વૈભવશાળી વારસાને સાંકળી લઈને ઉપસ્થિત સૌને ભારતીય સંસ્કૃતિની ભવ્યતા વિશે વિચારતા કરી દીધા હતા. ડો.કેતન કાનપરિયાની (QUIZ MASTER) તરીકેની આ પ્રસંશનીય કામગીરી બદલ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તેમનું વિશિષ્ટ સન્માન પણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવનારા ડો.કેતન કાનપરિયાએ હવે (SCIENCE, TECHNOLOGY, ENGINEERING ) અને (MATHEMATICS) વિષયે યોજાયેલી ભારતની સૌથી મોટી (GUJARAT STEM QUIZ 2.0)માં(QUIZ MASTER ) તરીકે અવર્ણનીય દેખાવ કરીને સલડી ગામ, લીલીયા તાલુકો અને અમરેલી જિલ્લાને ગૌરવાન્વિત કર્યુ છે.

## અમરેલી : સંવેદન ગૃપ દ્વારા ૯૮મું ચક્ષુદાન લેવાયું



અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાના દેવરાજીયાના રિંકલબેન કિશોરભાઈ ભાલુ (ઉં.વ. ૨૧)નું તા.૨૧/૫/૨૦૨૩ રવિવારના રોજ અકાળે અવસાન થતાં તેમનાં પરિવારજનો દ્વારા અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના માધ્યમથી ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંવેદન ગૃપના વિપુલ ભટ્ટીનો સંપર્ક કરી ચક્ષુદાન કરવામાં આવ્યું. સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે ડો.યાદવ, અસિતભાઈ રાખોલિયા ઉપસ્થિત રહ્યા હતાં, આ નેત્રદાન સ્વીકારવા માટે મેહુલભાઈ વ્યાસ તથા દર્શન પંડયાએ સેવા આપી હતી, ભાલુ પરિવારે કપરાં સમયે કરેલ યોગ્ય નિર્ણય બે અંધ વ્યક્તિના જીવનમાં રોશની લાવશે તેમ સંસ્થાના મેહુલ વાઝાએ જણાવ્યું છે.

### ૨૦૨૩ની શરૂઆતમાં બનેલ બનાવમાં

## અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ૨૩ અરજદારોને રકમ પરત અપાઇ

### અરજદારોને રૂપિયા ૯.૩૩ લાખ પરત અપાયા

અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમ સંબંધીત નાણાકીય છેતરપીંડીમાં ગયેલ નાણાં પરત અપાવવા જરૂરી સુચનાઓ આપેલ હોય, જેથી પરીણામલક્ષી કામગીરી કરી આવી ગુનાહીત પ્રવૃતિ અટકાવવા નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટ ડી.કે. વાઘેલા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર જી.જે. મોરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એમ. કડછા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.બી. કોવાડીયા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલીએ જરૂરી ટીમ બનાવી કામગીરી હાથ ધરી અરજદારનાં નાણાં પરત અપાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

અત્રે જીલ્લાના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગત ફેબ્રુઆરી, માર્ચ, એપ્રીલ માસ દરમ્યાન, અલગ–અલગ અરજદારોની સાથે નાણાકીય ફ્રોડ થયેલ હોય, નાણાકીય ફ્રોડ અંતર્ગત સ્ક્રીન શેરિંગ એપ, આ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, આર્મીમેનનું નામ ધારણ કરવું, આંગણવાડીના નામે ખોટી ઓળખ ઉભી કરીને, શોપીંગ ફ્રોડ, ઈનવેસ્ટમેન્ટ ફ્રોડ, જોબફ્રોડ, લોન ફ્રોડ, હોટેલ બુકીંગ ફ્રોડ થકી ભોગ બનનાર લોકોના અત્રેના પોલીસ સ્ટેશન દ્વારા તાત્કાલીક જીણવટ ભરી તપાસ કરી અને અરજદારોના નાણા પરત માટેની કાર્યવાહી કરી કુલ–૨૩ (ત્રેવીસ) અરજદારોના કુલ રૂ. ૯,૩૩,૦૮૮/– પરત અપાવી તેઓને ૧૦૦ % રકમ પરત અપાવવાની કામગીરી કરેલ છે.

ઉપરાંતમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જીલ્લાના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષીત રહેવા માટે અપીલ કરવામાં આવે છે.

### સાયબર ક્રાઇમથી બચવા આટલું ધ્યાનમાં રાખો

જયારે એવુ લાગે કે, તમારી સાથે નાણાકિય છેતરપિંડી થયેલ છે તાત્કાલીક ૧૯૩૦ સાયબર હેલ્પ લાઈન પર ફોન કરીને જાણ કરો, કોઈપણ બેંક મેનેજર એટીએમ બંધ થવા સંબંધે કયારેય ફોન કરતા જ નથી, કોઈ બેંક કે એટીએમ સંબંધે અજાણ્યા ફોન આવે ત્યારે કોઈને પણ બેંકની ડીટેઈલ, એટીએમ કાર્ડ ડીટેઈલ કે ઓટીપી નંબર આપવો નહી, એટીએમ રૂમમાં એટીએમ કાર્ડ દાખલ કરો છો તે સ્લોટ ડુપ્લીકેટ લગાવેલ છે કે નહી ચેક કરી લેવો, તેમજ પાસવર્ડ જુએ નહી તે સારૂ એટીએમ રૂમમાં અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ થવા દેવા નહી, મોબાઈલ ઈનબોક્ષમાં પૈસા જમા કે કપાતનો કોઈ ફ્રોડ મેસેજ આવે તો બેંક સિવાય કયાંય ખરાઈ કરવી નહી, કૌન બનેગા કરોડપતિ કે અન્ય કોઈ લોટરીના નામે કયારેય પૈસા ભરવા નહી, અજાણ્યા ફોન દ્વારા આધારકાર્ડ અપડેટ કે મોબાઈલ સીમકાર્ડ વેરીફીકેશન કરવાના બહાને કોઈ માહિતી શેર કરવી નહી, ઓછા વ્યાજદરની લોન કે લોભામણી જાહેરાત માટે કયારેય કોઈ લીંકમાં પર્સનલ માહિતી સબમીટ કરવી નહી, નોકરી આપવાની જાહેરાત માટે કોઈ વેબસાઈટમાં બાયોડેટા કે બેંક ડીટેલ સબમીટ કરવી નહી, OLX વેબસાઈટમાં ઓનલાઈન વાહન ખરીદી જેવા કિસ્સાઓમાં કોઈ આર્મી તરીકેની ઓળખ આપી ફ્રોડ કરતા હોય છે, ત્યારે ઓનલાઈન પેમેન્ટ કરવુ જ નહી, ગુગલ વેબસાઈટમાં કયારેય ગુગલ–પે, ફોન–પે, પેટીએમ કે અન્ય એપ્લીકેશનના કસ્ટમર કેર નંબર સર્ચ કરવા નહી. જે તે એપ્લીકેશનમાં જ કસ્ટમર કેર નંબર દર્શાવેલ હોય છે. મોબાઈલ ટાવરના બહાને ફેક લેટરપેડ મોકલી ખોટી લાલચ આપતી ટોળકીથી સાવધ રહો, ફેસબુક, જી–મેઈલ જેવા સોશ્યલ મિડીયામાં એકાઉન્ટ સેટીંગ અને પાસવર્ડ સિક્યુરિટી સ્ટ્રોન્ગ રાખવી.

# અમરેલીમાં કવિ રમેશ પારેખની પુણ્યતિથિની ઉજવણી



ગુજરાતી ભાષાને પોતાના અમૂલ્ય પ્રદાનથી સમૃદ્ધ કરનાર યુગંધર કવિ રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે ગત. તા ૧૭ મી મેના રોજ અમરેલીમાં હોટેલ એન્જલ ખાતે 'અત્તર ઢોળાયું રૂમાલમાં' નામે એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલી અને શ્રી સરસ્વતી વિદ્યામંદિર, અમરેલીના સયુંકત આયોજનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના સુવિખ્યાત કવિઓના કાવ્યપાઠને નગરજનોએ આ કંઠ માણ્યો. ગુજરાતના પ્રસિદ્ધ કવિ વિનોદ જોશીની સુંદર ગીત રચનાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. રાજકોટથી પધારેલા કવિ નીતિન વડગામાની માર્મિક ગઝલોને પણ એટલા જ ઉત્સાહથી વધાવવામાં આવી. તો કવિ વિમલ અગ્રાવતની ગીત રચનાઓ અને સ્નેહી પરમારની ગઝલોને પણ ભાવકોએ તાળીઓથી વધાવી હતી. આ કાર્યક્રમના પ્રારંભે પ્રસ્તુત થયેલી કવિના જીવન આધારિત ડોકયુમેન્ટરીએ ભાવનાત્મક વાતાવરણ બાંધ્યું હતું. આ અવસરે રમેશ પારેખ સાહિત્ય વર્તુળની સ્થાપના, વર્તુળના તમામ હોદ્દેદારોને બેઈઝ અર્પણ કરીને કરવામાં આવી હતી. કવિના સર્જકમિત્રો વિનોદ જોશી અને નીતિન વડગામાએ કવિ સાથેના સંભારણાંની જાણી અજાણી વાતોથી કવિને સ્મરણાંજલિ આપી હતી. આ કાર્યક્રમમાં મહેમાનોનો શબ્દોથી આવકાર અને ભૂમિકા તેમજ સંસ્થાના આગામી આયોજનની વિગતો સંસ્થાના પ્રમુખ અને જાણીતા કવિ હરજીવન દાફડાએ અને આભાર વિધિ સંસ્થાના મંત્રી અને કવિ રોહિત જીવાણીએ કરી હતી. કવિના સન્નમિત્ર કવિ હર્ષદ ચંદારાણા અને રમેશ પારેખના સુપુત્ર નીરજ પારેખની લાગણીસભર ઉપસ્થિતિ રહી. સાથોસાથ નગરના પ્રખર વિદ્વાન ગુરૂવર્ય આદરણીય વસંત પરીખ, ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ ભાગ્યેશભાઈ જહા, મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ, છેલભાઈ વ્યાસ, અરવિંદ ભટ્ટ, સંજુ વાળા, રાઘવજી માધડ વગેરેની શુભેચ્છાઓએ આ કાર્યક્રમને દિવ્યતા અર્પી હતી. આ કાર્યક્રમને સરસ્વતી વિદ્યામંદિરના વિજયભાઈ મહેતાનો છેક સુધી સહયોગ રહ્યો હતો. આ સુંદર ઉપક્રમમાં ભાવનગરના કવિતા કક્ષના મિત્રો, રાજુલા, સણોસરા, બોટાદ, ચલાલા, બાબરા, જસદણ સહિતના સ્થળોએથી કવિઓ અને ભાવકમિત્રો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમરેલી નગરના અનેક સર્જકો, વિવિધ સંસ્થાના હોદ્દેદારો, જ્ઞાતિ આગેવાનો, કેળવણીકારો, પત્રકારો, કલાકારો અને મોટી સંખ્યામાં સાહિત્ય અને રમેશપ્રેમી ભાઈઓ– બહેનો કાર્યક્રમની અંતિમ પ્રસ્તુતિ સુધી હાજર રહેલ. જેથી હોટલ એન્જલનો હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. કાર્યક્રમની ઉદ્ઘાટન બેઠકનું સંચાલન ડો. કેતન કાનપરિયાએ અને કાવ્ય બેઠકનું સંચાલન કવિ હરેશ વડાવિયાએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રમેશ પારેખ સાહિત્ય વર્તુળના મુકેશ દવે, ગોપાલ ધકાણ, ધ્રુવ મહેતા, મુકેશ જોગી સહિતની ટીમે ખૂબ સુંદર કામગીરી કરી કાર્યક્રમને ભવ્યાતિભવ્ય સફળતા અપાવી હતી.

## જિલ્લાભરમાંથી આવતા ગરીબ દર્દીનારાયણને કોઈ પ્રકારની સારવાર મળતી નથી : આમ આદમી પાર્ટી

# અમરેલીની શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલ શોભાના ગાંઠીયા સમાન

કોઈપણ પ્રકારનાં સ્પેશ્યાલીસ્ટ તબીબ હાજર જોવા મળતા ન હોય તમામ દર્દીઓને અન્ય શહેરમાં રીફર કરવામાં આવી રહ્યા છે

મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં તમામ પ્રકારનાં નિષ્ણાંત તબીબો તેમજ અન્ય સુવિધાઓ જોવા મળતી નથી

હોસ્પિટલની પાછળનો માર્ગ અતિ બિસ્માર હોવાથી એમ્બ્યુલન્સ સહિતનાં વાહનોની અવરજવરમાં પણ મુશ્કેલી

''આમ આદમી પાર્ટી''નાં અગ્રણી ભાર્ગવ મહેતાએ રાજ્ય સરકારને રજૂઆત કરીને યોગ્ય કરવા માંગ કરી




અમરેલી, તા. ૨૩

અમરેલીમાં શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ જે અમરેલી જિલ્લાની જનતાના આરોગ્યની જીવાદોરી સમાન જિલ્લા મથકની શહેરમાં એકમાત્ર સિવિલ હોસ્પિટલ છે. જયા જિલ્લાભરમાંથી ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકો પોતાના અકસ્માત કે રોગચાળા ગ્રસ્ત થયેલ સ્વજનોને બચાવવા માટે તાત્કાલિક અમરેલી લઈ આવે છે પરંતુ અહીં આવતા જ ડોકટરોનો અભાવ છે. જેથી અમુક રોગ અથવા તાત્કાલિક સારવાર માટે ડોકટરો ઉપલબ્ધ નથી હોતા જેથી કરીને અહીં ટ્રોમા સેન્ટર (તાત્કાલિક સારવાર વિભાગ) માં હાજર ડોકટરો કોઈપણ રોગ હોય કે અકસ્માત હોય મેનેજમેન્ટના ઈશારે રાજકોટ કે ભાવનગર રીફર કરવાની પેરવીમાં જ હોય છે અને જયારે એ દર્દીઓ રાજકોટ કે ભાવનગર જાય છે ત્યારે એ દર્દીઓને રાજકોટ કે ભાવનગરની હોસ્પિટલના ડોકટરો દ્વારા એવું સંભળાવવામાં આવે છે કે તમારે ત્યાં પણ મેડિકલ કોલેજ છે અને અહીં પણ મેડિકલ કોલેજ છે તો તમે અહીં રીફર શા માટે થાવ છો અમરેલી જિલ્લા મથક અને મેડિકલ કોલેજ હોવા છતાં પણ ત્યાં સુવિધા કેમ નથી..???

અને અમુક રોગો જેવા કે કાન, નાક, ગળાના ડોકટરો વગેરે માત્ર મંગળવાર કે ગુરૂવારના રોજ જ મળે છે. તો શું અમરેલી જિલ્લામાં કોઈ બાળક કે મોટા વડીલને ગળામાં કાંઈ ફસાઈ જવું કે કાનમાં કાંઈ તકલીફ થવી ત્યારે અમરેલી સિવિલમાં તાત્કાલિક સારવાર આપવાને બદલે અહીં ડોકટર હાજર ન હોવાનું અને પ્રાઈવેટ ડોકટરોના એડ્રેસ આપે છે જો પ્રાઈવેટ ડોકટરો પાસે જ જવું હોય તો લોકો અમરેલી સિવિલ હોસ્પિટલમાં આવે શા માટે..??

શાંતાબા અમરેલી મેડિકલ જનરલ હોસ્પિટલમાં ડીલેવરી માટે જિલ્લાભરમાંથી મહિલાઓ આવતી હોય અને અહીં બ્લડ બેન્ક હોવા છતાં પણ બ્લડની વ્યવસ્થા પણ રખાતી નથી અને દર્દીઓને બ્લડ લઈ આવવા દબાણ કરવામાં આવે છે. તેમજ સોનોગ્રાફી માત્ર દર ગુરૂવારે કરવામાં આવે છે અન્યથા રોજ માટે દર્દીઓને બહાર સોનોગ્રાફી કરવા મોકલવામાં આવે છે તેમજ લેબોરેટરી પણ બહાર કરવા મોકલવામાં આવે છે. જયાં ૭૦૦ થી ૧૫૦૦ નો ચાર્જ લેવામાં આવે છે અને દર્દીઓને અકસ્માત કે રોગિષ્ઠ અવસ્થામાં સ્વજનો દ્વારા ફેરવવા મુશ્કેલ થઈ જાય છે. છતાં પણ ના છુટકે બહાર સોનોગ્રાફી કરવા જવું પડે છે. જેથી દર્દીઓ તેમજ તેના સ્વજનો ખૂબ જ હેરાન પરેશાન થાય છે, તેમજ રોજબરોજ અમુક દવાઓ બહારથી લખી દેવામાં આવે છે જે ખૂબ જ મોંઘી હોય છે છતાં પણ ના છુટકે સ્વજનોને આવી દવાઓ બહારથી વધુ પૈસા ખર્ચીને પણ લેવી પડે છે.

અમરેલી શાંતાબા મેડિકલ કોલેજ જનરલ હોસ્પિટલનું નવું બિલ્ડીંગ તૈયાર થઈ ગયેલું હોવા છતાં પણ દર્દીઓને હાલમાં પણ જુના બિલ્ડીંગમાં દાખલ કરવામાં આવે છે જયાં લિફટની સુવિધા નથી તેમજ ઉભા ટોયલેટ કે સારા બેડની સુવિધા નથી જેથી દર્દીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે. વ્હીલ ચેર અથવા સ્ટ્રેચરમાં ઉપરના માળે લઈ જવા પડે છે જેથી ઘણીવાર દર્દીઓ પડી પણ જાય છે છતાં પણ શા માટે હજી પણ મેનેજમેન્ટ દ્વારા એ જૂના બિલ્ડિંગમાં દર્દીઓને દાખલ કરવામાં આવે છે એ ખબર નથી પડતી..!!!

આ વિશે ડોકટરો તેમજ સિવિલ સ્ટાફને દર્દીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવે છે તો દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરવામાં આવે છે અને મેનેજમેન્ટને ફરિયાદ કરો એવું કહેવામાં આવે છે. હવે અહીં જિલ્લાભરમાંથી ગરીબ તેમજ મધ્યમ વર્ગના માણસો જ સિવિલ હોસ્પિટલમાં આવતા હોય છે જે લોકો બિચારા પોતાના સ્વજનોને સંભાળે કે આવી રીતે મેનેજમેન્ટને વારંવાર ફરિયાદ કરતા ફરે..???

તાજેતરમાં જ આ શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ દ્વારા મોતિયાના ઓપરેશન કરેલ દર્દીઓને હોસ્પિટલની લાપરવાહીના કારણે આંખો ગુમાવવાનો વારો આવ્યો છે અને બારેક જેટલા દર્દીઓ સંપૂર્ણ અંધાપાનો ભોગ બન્યા છે. એ માટે પણ સરકારમાં લોકોએ કેટલીય રજૂઆત કરી હોવા છતાં હજુ પણ કાંઈ કાર્યવાહી થયેલ નથી..!!!

આ હોસ્પિટલની પાછળ આવેલ રોડ જે લાઠી રોડ પર નીકળે છે તે અડધા અમરેલીને જોડતો છે ત્યાંથી પણ ૧૦૮ વગેરે એમ્બ્યુલન્સ સેવાઓ આવે છે પરંતુ એ રોડ મેનેજમેન્ટ દ્વારા બંધ કરી દેવાના ઈરાદે ઘણા સમયથી બનાવવામાં આવતો નથી. જેથી ત્યાં ફૂટ ફૂટના ખાડા હોય ત્યાંથી એમ્બ્યુલન્સ ચલાવવી તેમજ દર્દીઓને લાવવા ખૂબ જ મુશ્કેલ છે આનો પણ તાત્કાલિક નિવેડો લાવવો ખૂબ જ જરૂરી છે.

ખબર નથી પડતી કે પ્રોપર અમરેલીમાં આટલા મંત્રીઓ તેમજ જિલ્લાના ધારાસભ્યો હોવા છતાં પણ અમરેલી જિલ્લાની આરોગ્ય ક્ષેત્રે એકમાત્ર જીવાદોરી સમાન આ હોસ્પિટલ પ્રત્યે ખાસ ધ્યાન દઈ અને સુવિધાઓ ઉભી શા માટે કરાવતા નથી..?? અને અમરેલી જિલ્લાભરની જનતાને પોતાના સ્વજનોને મફત સારવાર કરાવવી હોય છે. પરંતુ અહીં તો રાજકોટ કે ભાવનગર લઈ જવા મજબૂર થવું પડે છે. જેથી ઉલટાનો વધારે ખર્ચો થાય છે અને પોતાના ધંધા રોજગાર બંધ કરીને રાજકોટ કે ભાવનગર સ્વજનો સાથે રહેવું પડે છે..!!!

અમરેલી જિલ્લાની જનતાની આરોગ્યની સુખાકારી માટે તાત્કાલિક પગલાં લઈ શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં લોકોને ઉપયોગી તમામ સુવિધાઓ અપાવે તેવી સરકાર સમક્ષ માંગ આમ આદમી પાટર્ઈનાં અગ્રણી ભાર્ગવભાઈ મહેતાએ કરેલ છે.

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્ક દ્વારા વારાહસ્વરૂપ ગામમાં પ્લાસ્ટિક કલેકશન ડ્રાઈવ યોજાઈ

અમરેલી, તા. ૨૩

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ કોવાયા દ્વારા પ્રકૃતિ સંરક્ષણ પર હંમેશા ભાર મુકયો છે. આસપાસના ગામોમાં પ્લાસ્ટિકના ઉપયોગથી થતા ગેરફાયદા વિષે સમયાંતરે વિવિધ કાર્યક્રમ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

તે અંતર્ગત વારાહસ્વરૂપ ગામમાં શ્રી વરાહ મંદિરની આસપાસ પ્લાસ્ટિક, પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિકના કેન્સ વગેરે કલેકટ કરવા માટે ઝીરો પ્લાસ્ટિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અલ્ટ્રાટેક કંપનીનાં CSR વિભાગ,


તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

એન્વયર્મેન્ટ વિભાગ, એડમીન વિભાગ તથા સરકારની સંસ્થા ગુજરાત પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ (GPCB)નાં સહકારથી ગામ લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. અને સાથે સાથે અમને પ્લાસ્ટિકનો ઉપયોગના કરવા શપત લેવડાવામાં આવી, આ કાર્યક્રમમાં ગામનાં ઉપસરપંચ ભરતભાઈ શિયાળ અને GPCB માંથી ડો.નિપુલ કુકડીયા તથા વિવેક રાવલનાં માર્ગદર્શનમાં પ્રકૃતિને પ્લાસ્ટિકથી થતા નુકશાન વિષે સરળ ભાષામાં સમજવામાં આવ્યું. કે ડ્રાઈવને સફળ બનાવવા એડમીન વિભાગનાં વડા દિપાંકર અધિકારીનાં માર્ગદર્શન હેઠળ એડમીન CSR ટીમના અધિકારી જી.જી.રાવ, રમાકાંત શર્મા, અખ્તર હુસેન શૈખ, જેઠુર વાઘ તથા એન્વયર્મેન્ટ વિભાગનાં અધિકારી સંદીપ તિવારી તથા સુદામાં ગુપ્તાનો સહકાર રહયો.


એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેકટ્રીક કામ વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા
એન્જીનીયરીંગ વર્ક સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
• ૧૦૦% ચેલેન્જથી કામ
• હસ્તરેખા, લગ્નમાં વિલંબ
• લવ પ્રોબ્લેમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
• મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
• નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
• ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
• એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
• પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
• મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
• શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












ગુજરાત બોર્ડનું ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે

# ૨૫ મેએ ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦નું પરિણામ જાહેર થશે

## સવારે આઠ વાગ્યે વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ http://GSEB.ORG પર અને વોટ્સએપના માધ્યમથી પણ પરિણામ જોઈ શકશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. હવે સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૨૫મી મેએ જાહેર થશે.

સવારે આઠ વાગ્યે વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ http://GSEB.ORG પર પરિણામ જોઈ શકશે. તે ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સએપના માધ્યમથી પણ પરિણામ જોઈ શકશે. આ વોટ્સએપ નંબર પર ૬૩૫૭૩૦૦૯૭૧ પર સીટ નંબર મોકલી પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને એસઆર નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે.

પરીક્ષા બાદ ગુણ ચકાસણી અને દફતર ચકાસણીની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ગુણ ચકાસણીની અરજી ઓનલાઈન કરવાની રહેશે. પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે.પૂરક પરીક્ષા-૨૦૨૩ની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે. પૂરક પરીક્ષાના આવેદનપત્ર ઓનલાઈન ભરવાની સૂચના હવે પછીથી આપવામાં આવશે, જેની શાળાના આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી તેવું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

ગેરરીતિ રોકવા માટે બનાવવામાં આવેલી અધિકારીની ફ્લાઈંગ સ્ક્વોડ માત્ર ૬૦ વિદ્યાર્થીને જ પકડી શકી છે.વર્ગખંડમાં ગોઠવાયેલા સીસીટીવી કેમેરાની ચકાસણી બાદ બોર્ડે ગેરરીતિના કેસ અલગ તારવ્યા છે. જેના કારણે જે તે વિદ્યાર્થીનાં પરિણામો અનામત રાખવામાં આવશે. હવે પછી ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને નોટિસ આપીને બોર્ડના અધિકારીઓ સમક્ષ બોલાવાશે અને તેમનો ખુલાસો મેળવાયા બાદ તેમના જવાબના આધારે ગેરરીતિના કેસ માટે નિયત કરેલા નિયમોનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષા કરવામાં આવશે.

ધો.૧૦ની પરીક્ષામાં સીસીટીવી ફૂટેજના આધારે ૭૫૯ કેસ અને સ્ક્વોડ, સ્થળ સંચાલક, ખંડ નિરીક્ષક દ્વારા ૨૯ કેસ કરાયા છે. ધો.૧૨ સાયન્સમાં સીસીટીવી ફૂટેજના આધારે ૨૬ અને સ્કવોડ, સ્થળ સંચાલક તથા ખંડ નિરીક્ષક દ્વારા નવ કેસ કરાયા છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સીસીટીવી ફૂટેજના આધારે ૩૪૫, અન્ય દ્વારા ૨૨ કેસ કરાયા છે. તેમાં સ્ક્વોડ, સ્થળ સંચાલક કે ખંડ નિરીક્ષક દ્વારા પરીક્ષામાં ગેરરીતિ કરતા ધોરણ-૧૦ અને ૧૨ના માત્ર ૬૦ વિદ્યાર્થી પકડાયા છે. જ્યારે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં, ગેરરીતિ કરતા ૧૧૩૦ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થી ઝડપાયા છે. જોકે ગેરરીતિમાં પકડાયેલા કુલ ૧૧૯૦ વિદ્યાર્થીને શિક્ષણ બોર્ડ દ્વારા તેમને જવાબ રજૂ કરવાની તક આપવામાં આવશે.

આરટીઆઈ હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યસભાના સભ્યો પર થયેલા ખર્ચનો આંકડો સામે આવ્યો

# બે વર્ષમાં સરકારે રાજ્યસભાના સભ્યો પાછળ ૨૦૦ કરોડનો ખર્ચ કર્યો

## કોરોના મહામારી વચ્ચે ૨૦૨૧-૨૨માં રાજ્યસભાના સભ્યો પર સરકારી તિજોરીમાંથી ૯૭ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો, સભ્યોના કામમાં મોટો ઘટાડો

નવી દિલ્હી, તા.૨૩

આરટીઆઈહેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યસભાના સભ્યો પર થયેલા ખર્ચનો આંકડો સામે આવ્યો છે. આ આંકડા મુજબ, છેલ્લા બે વર્ષમાં, સરકારે રાજ્યસભાના સભ્યોના પગાર, ભથ્થા અને અન્ય સુવિધાઓ પર લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. કોરોના મહામારી વચ્ચે ૨૦૨૧-૨૨માં રાજ્યસભાના સભ્યો પર સરકારી તિજોરીમાંથી ૯૭ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. આ રકમમાં તેની ડોમેસ્ટિક ટ્રાવેલના રૂ. ૨૮.૫ કરોડ અને ઈન્ટરનેશનલ ટ્રાવેલ પર રૂ. ૧.૨૮ કરોડનો સમાવેશ થાય છે. જેમાં પગારના રૂ. ૫૭ કરોડ, મેડિકલ બિલના રૂ. ૧૭ લાખ અને ઓફિસ ખર્ચના રૂ. ૭.૫ કરોડનો સમાવેશ થાય છે. જ્યારે સભ્યોને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સપોર્ટ આપવા માટે રૂ. ૧.૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.મધ્યપ્રદેશના ચંદ્ર શેખર ગૌર દ્વારા RTI કાયદા હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નના રાજ્યસભા સચિવાલય દ્વારા આપવામાં આવેલા જવાબમાં આ વાત સામે આવી છે.

આપેલા જવાબમાં જણાવાયું છે કે ૨૦૨૧-૨૩માં કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેમાં ૩૩ કરોડ રૂપિયા સ્થાનિક અને વિદેશી પ્રવાસ ખર્ચનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૨૧ના રેકોર્ડ મુજબ શિયાળુ સત્રમાં રાજ્યસભામાં ૪૩ ટકા, ચોમાસુ સત્રમાં ૨૯ ટકા અને બજેટ સત્રમાં ૯૦ ટકા કામ થયું હતું. આગલા વર્ષે શિયાળુ સત્ર દરમિયાન ૯૪ ટકા, ચોમાસુ સત્ર દરમિયાન ૪૨ ટકા અને બજેટ સત્ર દરમિયાન ૯૦ ટકા કામ કરેલું જોવા મળે છે. આ વર્ષે અત્યાર સુધીમાં બજેટ સત્ર દરમિયાન કામકાજ ૨૪ ટકાના નીચા સ્તરે પહોંચ્યું છે.

સદીના અંત સુધીમાં વૈશ્વિક સ્તરે તાપમાન ૨.૭ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે

# સદીના અંત સુધી તાપમાન વધે તો ભારતના ૬૦ કરોડ લોકોના અસ્તિત્વ સામે જોખમ

## તાપમાનમાં આટલી વૃદ્ધિથી વિશ્વ સ્તરે હીટવેવ ઘાતક સ્તરે પહોંચશે, વાવાઝોડા અને પૂર તેમજ દરિયાઈ સપાટીમાં પણ ભયજનક વધારો થવાની આશંકા

નવી દિલ્હી, તા.૨૩

જો તમામ દેશો ઉત્સર્જન ઘટાડવાની તેમની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરે તો પણ ભારતની ૬૦ કરોડથી વધુ વસતી સહિત વિશ્વભરના ૨૦૦ કરોડથી વધુ લોકો ખતરનાક રીતે ભીષણ ગરમીનો સામનો કરશે. આ ગરમી એટલી ભયાનક હશે કે અસ્તિત્વની કટોકટી સર્જાઈ શકે છે. એક નવા અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે. અભ્યાસ અનુસાર વર્તમાન સમયમાં સરેરાશ ૩.૫ વૈશ્વિક નાગરિકો અથવા ફક્ત ૧.૨ અમેરિકી નાગરિકોનું આજીવન ઉત્સર્જન ભવિષ્યના એક વ્યક્તિ માટે ભીષણ ગરમીની સ્થિતિ પેદા કરશે.

વૈજ્ઞાનિકોના અહેવાલ અનુસાર વૈશ્વિક સ્તરે તાપમાન ૪.૪ ડિગ્રી સેલ્સિયસ વધવાની સૌથી બદતર સ્થિતિમાં દુનિયાની ૫૦ ટકા વસતી અભૂતપૂર્વ અતિશય ગરમીની લપેટમાં આવી શકે છે જે તેમના અસ્તિત્વ સામે જ સંકટ ઊભું કરશે. ક્લાઈમેટ સંબંધિત વૈજ્ઞાનિકો અનુસાર વર્તમાન સમયની ક્લાઈમેટ ચેન્જની નીતિઓના પરિણામસ્વરૂપે સદીના અંત(૨૦૮૦-૨૧૦૦) સુધીમાં તાપમાનમાં ૨.૭ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે.

તાપમાનમાં આટલી વૃદ્ધિથી વિશ્વ સ્તરે હીટવેવ ઘાતક સ્તરે પહોંચી જશે. વાવાઝોડા અને પૂર તેમજ દરિયાઈ સપાટીમાં પણ ભયજનક વધારો થવાની આશંકા છે. ગ્લોબલ સિસ્ટમ્સ ઈન્સ્ટિટ્યૂટ, એકસેટર યુનિવર્સિટી, અર્થ કમીશન સાથે સંબંદ્ધ અને નાનજિંગ યુનિવર્સિટીના રિસર્ચરોએ ૨.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની સ્થિતિનું આકલન કર્યું હતું.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સદીના અંત સુધી અંદાજિત વસતી (૯૫૦ કરોડ) ના ૨૨%થી ૩૯% હિસ્સો ભીષણ ગરમી (સરેરાશ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ)ના સંપર્કમાં આવશે. એકસેટર યુનિવર્સિટીમાં ગ્લોબલ સિસ્ટમ્સ ઈન્સ્ટિટ્યૂટના નિર્દેશક પ્રોફેસર ટિમ લેંટને કહ્યું કે આ તાપમાનને ૨.૭ ડિગ્રી સેલ્સિયસથી ઘટાડી ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી લાવવામાં આવે તો ભીષણ ગરમીની લપેટમાં આવનાર વસતી (૨૧૦ કરોડથી ૪૦ કરોડ)માં ૫ ગણો ઘટાડો થશે. અભ્યાસમાં દાવો કરાયો છે કે ૬૦ કરોડથી વધુ લોકો(વિશ્વની લગભગ ૯% વસતી ) તો પહેલાથી જ ભીષણ ગરમીની લપેટમાં છે. જો તાપમાનમાં ૨.૭ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે તો ભારતમાં ૬૦ કરોડથી વધુ વસતી પ્રભાવિત થશે. જ્યારે ૧.૫ ડિગ્રી સેલ્સિયસની સ્થિતિ રહેશે તો આ આંકડો ખૂબ જ ઓછો લગભગ ૯ કરોડ જ રહી જશે. જ્યારે બીજા ક્રમે સૌથી વધુ તાપમાનની અસર નાઈજિરિયામાં થશે જ્યાં આવા લોકોની સંખ્યા ૩૦ કરોડથી વધુ રહેશે.

ઓસ્ટ્રેલિયામાં ભારતીય વડાપ્રધાન છવાઈ ગયા

# ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલાથી જ ભારત માટે અનોખો પ્રેમ છે : મોદી

## સિડનીના ઓલિમ્પિક પાર્ક સ્થિત સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધન કર્યું, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને મોદીને બોસ કહ્યા

સિડની, તા.૨૩

વડાપ્રધાન મોદી અત્યારે બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર આવ્યા છે. અહીં તેમણે એરિનામાં ભારતની સ્મૃતિ હોવાની વાત જણાવી હતી. એટલું જ નહીં તેમણે પોતાના સંબોધનમાં ભારતીયોને કહ્યું કે મે જે વચન આપ્યું હતું તેને પાળ્યું છે. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રિટ્સ મને ભારતની ગલીઓની યાદ આપે છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને કહ્યું કે મોદી તો બોસ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસનાં ઓસ્ટ્રેલિયા ટૂર પર છે. તેઓએ સિડનીના કુડોસ બેંક એરિનામાં ભારતીયોના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન ગણપતિ બપ્પા મોરિયા, ભારત માતા કી જય અને મોદી-મોદીના નારાથી જાણે આખુ ઓસ્ટ્રેલિયા ગૂંજી ઉઠ્યું હોય એવો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ પણ હાજર રહ્યા હતા. સિડનીના ઓલિમ્પિક પાર્કમાં સ્થિત આ સ્ટેડિયમમાં વડાપ્રધાન મોદી ૨૦ હજાર ભારતીયોને સંબોધનકર્યું. આ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આની પહેલા એરક્રાફ્ટની મદદથી વડાપ્રધાન મોદીનું સ્વાગત કરાયાં હતું. જેમાં આકાશમાં વેલકમ મોદી લખવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનની શરૂઆત નમસ્તે ઓસ્ટ્રેલિયાથી કરી હતી. તેમણે કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને મારા પ્રિય મિત્ર એન્થની અલ્બનીસ, પૂર્વ પીએમ સ્કોટ મોરિસન, વિદેશ મંત્રી, ઊર્જા મંત્રી, વિપક્ષના નેતા, તમામ સભ્યો અને ઓસ્ટ્રેલિયાના તમામ લોકો જે આ વિશાળ સંખ્યામાં અહીં પહોંચ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રીટ મને ભારતની ગલીઓની યાદ અપાવે છે. મેં સાંભળ્યું છે કે અહીં સિડનીમાં પણ લખનઉ નામનું સ્થળ છે. ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલાથી જ ભારત માટે અનોખો પ્રેમ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિડનીમાં કહ્યું, 'અમારા ક્રિકેટ સંબંધોને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. ક્રિકેટના મેદાન પરની હરીફાઈ જેટલી રસપ્રદ છે, તેટલી જ ઊંડી અમારી મેદાનની બહારની મિત્રતા છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે 'ગયા વર્ષે જ્યારે મહાન ક્રિકેટર શેન વોર્નનું નિધન થયું ત્યારે ઓસ્ટ્રેલિયાની સાથે લાખો ભારતીયોએ શોક વ્યક્ત કર્યો હતો. એવું લાગતું હતું કે આપણે કોઈ પોતાના પરિવારના સભ્યને ગુમાવ્યા છે. તમારા બધાનું એક સપનું છે કે આપણું ભારત પણ એક વિકસિત રાષ્ટ્ર બને. તમારા હૃદયમાં જે સપનું છે તે મારા હૃદયમાં પણ છે. એક સમય હતો જ્યારે એવું કહેવામાં આવતું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩સી (કોમનવેલ્થ, ક્રિકેટ, કરી) પર આધારિત છે. તે પછી એવું કહેવામાં આવ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ડી (ડેમોક્રેસી, ડાયસ્પોરા, દોસ્તી) પર આધારિત છે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ઈ (એનર્જી, ઈકોનોમી, એજ્યુકેશન) પર આધારિત છે. જુદા જુદા સમયગાળામાં પણ આ સાચું હોઈ શકે છે. પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોની હદ આના કરતા ઘણી મોટી છે. આ સંબંધોનો આધાર પરસ્પર વિશ્વાસ અને પરસ્પર આદર પર છે. પીએમ મોદીએ કહ્યું, 'આ વર્ષે મને અમદાવાદમાં ભારતની ધરતી પર વડાપ્રધાન એન્થોની અલ્બેનિસનું સ્વાગત કરવાની તક મળી. આજે તેમણે અહીં 'લિટલ ઈન્ડિયા'ના શિલાન્યાસના અનાવરણમાં મારો સાથ આપ્યો છે. પીએમએ કહ્યું, પરસ્પર વિશ્વાસ અને પરસ્પર સન્માન માત્ર ભારત-ઓસ્ટ્રેલિયાના રાજદ્વારી સંબંધોથી જ વિકસિત નથી થયા. આનું સાચું એન્થોની અલ્બેનિસે સિડનીમાં મોદીની ખૂબ પ્રશંસા કરી હતી. અલ્બેનિસે કહ્યું, 'છેલ્લી વખત મેં આ સ્ટેજ પર બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને જોયા હતા અને વડાપ્રધાન મોદીને જે આવકાર મળ્યો હતો તેવો તેમને મળ્યો નહોતો. વડાપ્રધાન મોદી બોસ છે! આ દરમિયાન સ્ટેડિયમ મોદી-મોદીના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

ભારતીય કંપનીના કફ સિરપ પીવાથી મોતનો મામલો

# ભારતીય કફ સિરપની નિકાસ પહેલાં સરકારી લેબમાં ટેસ્ટિંગ કરાશે

## યોગ્ય જણાશે તો તેને સર્ટિફિકેટ મળશે અને તેના આધારે જ તેને એક્સપોર્ટ કરવાની મંજૂરી મળશે

નવી દિલ્હી, તા.૨૩

ભારતીય કંપનીઓએ બનાવેલી કફ સિરપ પીવાથી ગામ્બિયા અને ઉઝ્બેકિસ્તાનમાં ડઝનેક બાળકોના મૃત્યુની ફરિયાદો આવ્યા બાદ આવા મામલા ફરી ન બને તે માટે સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે ભારતમાં બનેલી કફ સિરપની નિકાસ કરતા પહેલા તેનું સરકારી લેબમાં ટેસ્ટિંગ કરાશે. જો તે યોગ્ય જણાશે તો તેને સર્ટિફિકેટ મળશે અને તેના આધારે જ તેને એકસપોર્ટ કરવાની મંજૂરી મળશે.

માહિતી અનુસાર કફ સિરપના ટેસ્ટિંગનો નવો નિયમ ૧ જૂનથી લાગુ થશે. ગત વર્ષે ગામ્બિયા અને ઉઝ્બેકિસ્તાનમાં ડઝનેક બાળકો ભારતમાં બનેલી કફ સિરપ પીવાને લીધે મૃત્યુ પામ્યાના અહેવાલ આવ્યા હતા. ત્યારથી સરકાર આ અંગે નવી નીતિ બનાવવા વિચારી રહી હતી અને તે હેઠળ જ આ નિણર્ય કરાયો હતો.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) એ પણ ભારતમાં નિર્મિત કફ સિરપની ગુણવત્તા સામે સવાલો ઊઠાવ્યા હતા. વિદેશ વેપાર મહાનિર્દેશક વતી જારી નોટિફિકેશનમાં જણાવાયું હતું કે કફ સિરપની નિકાસ ત્યારે જ થઈ શકશે જ્યારે તેનું સરકારી લેબમાં ટેસ્ટિંગ કરી લેવાશે. ટેસ્ટિંગ બાદ એક સર્ટિફિકેટ જારી કરાશે. આ નવો નિયમ ૧ જૂન ૨૦૨૩થી લાગુ પડશે. આ ટેસ્ટિંગ ચંડીગઢ, કોલકાતા, ચેન્નઈ, હૈદરાબાદ, મુંબઈ અને ગુવાહાટીમાં આવેલી લેબમાં કરાવી શકાશે.

આરઆરઆરમાં વિલનની ભૂમિકા ભજવી હતી

# અભિનેતા રે સ્ટીવનસનનું ૫૮ વર્ષની વયે નિધન

## સ્ટીવનસને વિશ્વ સ્તરે હિટ ફિલ્મ આરઆરઆરમાં વિલન સ્કોટ બક્સટનની ભૂમિકા ભજવી હતી

વોશિંગ્ટન, તા.૨૩

નિર્દેશક એસએસ રાજામૌલીની બ્લોકબસ્ટર ફિલ્મ આરઆરઆરમાં વિલનની ભૂમિકા ભજવનાર અભિનેતા રે સ્ટીવનસનનું નિધન થઈ ગયું છે. તેઓ ૫૮ વર્ષના હતા. ૨૫ મેના રોજ તેઓ તેમનો ૫૯મો જન્મદિવસ ઉજવવાના હતા. અહેવાલો અનુસાર રેની પીઆર એજન્સી ઈન્ડિપેન્ડન્ટ ટેલેન્ટે તેમના નિધનના અહેવાલની પુષ્ટિ કરી છે. જોકે આ અંગે કોઈ વિગતો શેર કરાઈ નથી.



રે સ્ટીવનસને વિશ્વ સ્તરે હિટ ફિલ્મ આરઆરઆરમાં વિલન સ્કોટ બકસ્ટનની ભૂમિકા ભજવી હતી. તેમણે પોતાની ભૂમિકા જબરદસ્ત રીતે ભજવી અને દુનિયાભરના દર્શકોના દિલ જીતી લીધા. આરઆરઆરસિવાય તેમણે માર્વેલની ફિલ્મ 'થોર'માં પણ કામ કર્યું હતું. તાજેતરમાં રે સ્ટીવનસન ઐતિહાસિક ડ્રામા ફિલ્મ '૧૨૪૨: ગેટવે ટુ ધ વેસ્ટ'માં જોવા મળ્યા હતા. ટૂંક સમયમાં તે ડિઝની પ્લસ હોટસ્ટારની શ્રેણી અહસોકાનો ભાગ બનવા જઈ રહ્યા હતા.

અભિનેતા રે સ્ટીવનસનનો જન્મ ૨૫ મે ૧૯૬૪ના રોજ ઉત્તર આયરલેન્ડના લિસ્બર્નમાં થયો હતો. તેમણે ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં તેમની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. પછી તે યુરોપિયન ટીવી સિરીઝ અને ફિલ્મોમાં દેખાયા હતા. તેમનો પહેલો મોટો બ્રેક ૧૯૯૮માં આવેલી ફિલ્મ 'ધ થિયરી ઓફ ફ્લાઈટ'માં હતો. ત્યારબાદ તે 'કિંગ આર્થર' (૨૦૦૪), 'પનિશરઃ વોર ઝોન' (૨૦૦૮), 'ધ બુક ઓફ એલી' (૨૦૧૦) અને 'ધ અધર ગાય' (૨૦૧૦) જેવી ફિલ્મોમાં જોવા મળ્યા હતા.

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે ભારતીય શેરબજાર સપાટ રહ્યું

# સેન્સેક્સમાં ૧૮ અને નિફ્ટીમાં ૩૪ પોઈન્ટનો વધારો જોવા મળ્યો

## અદાણી ગ્રુપના તમામ ૧૦ શેર સતત બીજા દિવસે લીલા નિશાનમાં બંધ થયા હતા, અદાણીના ફ્લેગશિપ સ્ટોકમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો

મુંબઈ, તા.૨૩

ભારતીય સ્થાનિક શેરબજારમાં સતત બે સત્ર દરમિયાન નોંધાયેલી તેજી મંગળવારે ચાલુ રહી ન હતી અને બજાર સપાટ બંધ રહ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટીમાં નજીવો વધારો નોંધાયો હતો. અદાણી ગ્રુપના તમામ ૧૦ શેર સતત બીજા દિવસે લીલા નિશાનમાં બંધ થયા હતા. અદાણીના ફ્લેગશિપ સ્ટોકમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તે જ સમયે, ડીએલએફ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, કોટક બેંકના શેરમાં ઘટાડો થયો હતો.

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે મંગળવારે ભારતીય શેરબજાર સપાટ રહ્યું હતું. સેન્સેક્સ ૧૮.૧૧ પોઈન્ટ અથવા ૦.૦૨૯ ટકાના વધારા સાથે ૬૧,૯૮૧.૭૯ પર બંધ રહ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૩૩.૬૦ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકાના મામૂલી વધારા સાથે ૧૮,૩૪૮.૦૦ પર બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરના સંવેદનશીલ સૂચકાંકના ૧૭ શેર લાલ નિશાન પર બંધ થયા છે. જ્યારે, ૧૩ શેરો લીલા નિશાન પર રહ્યા, જેમાંથી માત્ર ૪ શેરોમાં ૧ ટકાથી વધુની મજબૂતી જોવા મળી.અદાણી ગ્રુપના શેરમાં સતત બીજા દિવસે વધારો નોંધાયો હતો. અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં રૂ. ૩૦૭.૬૦ અથવા ૧૩.૨૨ ટકાનો વધારો નોંધાયો હતો અને શેર દીઠ રૂ. ૨૬૩૩.૭૦ પર બંધ થયો હતો. વારોક એન્જિનિયરિંગનો શેર ૬.૦૬ ટકાના વધારા સાથે બંધ થયો હતો. ટેલિકોમ સેકટરની કંપની઼ લિમિટેડના શેરમાં ૪.૦૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. જ્યારે ટાટા મોટર્સ, બજાજ ફિનસર્વ, આઈટીસી, એશિયન પેઈન્ટ્સના શેરમાં ૧ ટકાથી વધુનો વધારો નોંધાયો હતો. સેક્ટરના શેર મંગળવારે ટોપ લુઝર શેર્સની યાદીમાં રહ્યા હતા. ડીએલએફનો શેર ૨.૫૦ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. જ્યારે ઓમેક્સ લિમિટેડના શેરમાં ૨.૩૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે નેસ્કો લિમિટેડનો શેર ૧.૮૪ ટકા ઘટ્યો હતો. તે જ સમયે, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, કોટક બેંકના શેરમાં ૧ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો, ટાઈટન, સન ફાર્મા, અલ્ટ્રાસિમેન્ટ, ભારતી એરટેલ, એક્સિસ બેંકમાં પણ થોડો ઘટાડો જોવા મળ્યો હતો.

મોદીના ત્રણ દેશોના પ્રવાસનો છેલ્લો તબક્કો

# ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર મુક્ત-સ્વતંત્ર છે તેની ખાતરી માટે ગાઢ સંરક્ષણ અને સુરક્ષા સંબંધો જરૂરીઃ મોદી

## વડાપ્રધાન મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું એવી વ્યક્તિ નથી કે જે સરળતાથી સંતુષ્ટ થઈ જાય, ભારત ઓસ્ટ્રેલિયા સાથે આગળના તબક્કામાં લઈ જવા તત્પર

સિડની, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં કહ્યું કે તેઓ ઓસ્ટ્રેલિયા સાથે ભારતના સંબંધોને આગળના તબક્કામાં લઈ જવા તત્પર છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર મુક્ત અને સ્વતંત્ર છે તેની ખાતરી કરવા માટે ગાઢ સંરક્ષણ અને સુરક્ષા સંબંધો જરૂરી છે.

વડાપ્રધાન મોદીએ સોમવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું એવી વ્યકિત નથી કે જે સરળતાથી સંતુષ્ટ થઈ જાય. મેં જોયું છે કે વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝ પણ આવા જ છે. મને ખાતરી છે કે જ્યારે આપણે ફરીથી સિડનીમાં સાથે હોઈશું, ત્યારે આપણને દ્વિપક્ષીય સંબંધોને આગળના સ્તરે કેવી રીતે લઈ જઈ શકાય તે શોધવાની તક મળશે. આ માટે આપણે પૂરકતાના નવા ક્ષેત્રોને ઓળખવા પડશે અને પરસ્પર સહયોગનો વિસ્તાર પણ કરી શકાય છે.

પીએમ મોદીએ કહ્યું, “બે લોકતાંત્રિક દેશો તરીકે, ભારત અને ઓસ્ટ્રેલિયા એક મુક્ત, સ્વતંત્ર અને સમાવેશી ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે સમાન હિત ધરાવે છે. આપણી વ્યૂહાત્મક વિચારધારામાં સમાનતા છે. બંને દેશો વચ્ચેના ઉચ્ચ સ્તરના પરસ્પર વિશ્વાસને કારણે અમે સંરક્ષણ અને સુરક્ષાના મામલામાં વધુ સારી રીતે સહયોગ કરવા સક્ષમ છીએ. બંને દેશોની નેવી સંયુક્ત નૌકા કવાયતમાં ભાગ લઈ રહી છે.વડાપ્રધાને કહ્યું કે તેઓ ઈચ્છે છે કે બંને દેશો તેમની સાચી ક્ષમતાનો અહેસાસ કરે અને નજીકના સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને પ્રોત્સાહન આપે. ઈન્ટરવ્યુમાં તેમણે તે પ્રશ્નને ફગાવી દીધો કે ભારત દ્વારા રશિયાની ટીકા કરવાનો ઈનકાર ઓસ્ટ્રેલિયા સાથેના તેના સંબંધોમાં તિરાડ લાવી શકે છે, કારણ કે યુક્રેન પર રશિયાના હુમલા પર ઓસ્ટ્રેલિયા ખૂબ જ કડક વલણ અપનાવે છે.

મોદીએ કહ્યું કે સારા મિત્રો હોવાનો ફાયદો એ છે કે અમારી પાસે ખુલ્લું મન છે અને એકબીજાના વિચારોની પ્રશંસા કરીએ છીએ. ઓસ્ટ્રેલિયા ભારતની સ્થિતિને સમજી ચૂક્યું છે અને તેનાથી અમારા દ્વિપક્ષીય સંબંધો પર કોઈ અસર થવાની નથી. તેમણે કહ્યું કે અમે સંરક્ષણ, સુરક્ષા, રોકાણ, શિક્ષણ, પાણી, પર્યાવરણીય પરિવર્તન, રમતગમત, વિજ્ઞાન, આરોગ્ય, સંસ્કૃતિ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

વડાપ્રધાનની ડીગ્રીના વિવાદમાં કેજરીવાલની મુશ્કેલી વધી

# મોદીની ડીગ્રીના વિવાદમાં કેજરીવાલ અને સંજય સિંહને કોર્ટનું સમન્સ

## બંનેને ૭ જૂને કોર્ટમાં હાજર થવાનું રહેશે, આ પહેલા કોર્ટે કેજરીવાલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો

અમદાવાદ, તા.૨૩

પીએમનરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદમાં દંડ ફટકાર્યા બાદ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી.

અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંજય સિંહને સમન્સ પાઠવ્યા છે. બંનેને ૭ જૂને કોર્ટમાં હાજર થવાનું રહેશે. આ પહેલા કોર્ટે કેજરીવાલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

અરજીકર્તાના વકીલ અમિત નાયકે કહ્યું, '૧૫ એપ્રિલે કોર્ટે બંને નેતાઓને કોર્ટમાં હાજર થવા કહ્યું હતું. આજે તે અંગેની તારીખ હતી પરંતુ સમન્સમાં વધુ સ્પષ્ટતા નથી, તેથી જજે આદેશ આપ્યો છે કે ફરિયાદની નકલો સાથે બંને નેતાઓને નવેસરથી સમન્સ જારી કરવામાં આવે છે. સુનાવણીની આગામી તારીખ ૭ જૂન થશે.

## દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર-એલજીનો વિવાદ યથાવત

# કેન્દ્રના વટહુકમ બાદ દિલ્હી સરકારનો આદેશ પલટાવાયો

### અધ્યાદેશ પછી વિશેષ સચિવ વાઈ. વીવીજે રાજશેખરે કાર્યાલયોને ડી-સીલ કરવાનો આદેશ

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર અને એલજીની વચ્ચે ચાલી રહેલો વિવાદ હાલ અટકવાનું નામ લઈ રહ્યો નથી. વટહુકમ લાવવામાં આવ્યા પછી ગઈકાલે આ મામલામાં પ્રથમ આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર ૧૯ મેના રોજ એક વટહુકમ લઈને આવી હતી. આ વટહુકમે દિલ્હીના અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગના અધિકારોને ફરીથી ઉપરાજ્યપાલને આપી દીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અધ્યાદેશ પછી વિશેષ સચિવ વાઈ. વીવીજે રાજશેખરે કાર્યાલયોને ડી-સીલ કરવાનો આદેશ આપ્યો છે. સૌરભ ભારદ્વાજના આદેશથી જે અધિકારીઓને કામ આપવામાં આવ્યું હતું, તેમને સુપ્રીમ કોર્ટના આદેશ પહેલા ૧૦ મે સુધી યથાસ્થિતિ જાળવી રાખવાનું કહેવામાં આવ્યું છે. ડી-સીલિંગના આદેશ પછી તરત જ વીવી જે રાજશેખરે આ અધિકારીઓને એક આદેશ ઈસ્યુ કર્યો હતો.મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'કેન્દ્રનો આ વટહુકમ ગેરબંધારણીય અને લોકશાહીની વિરુદ્ધ છે. તેની સામે અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું. સુપ્રીમ કોર્ટ બંધ થતાંની સાથે જ, તેના થોડા કલાકો પછી, કેન્દ્ર સરકારે નિર્ણયને બદલવા આ વટહુકમ લાવ્યા હતા. સીએમ કેજરીવાલે આ વટહુકમને સીધો જ સુપ્રીમ કોર્ટનો તિરસ્કાર ગણાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર તેમના કામમાં અવરોધ લાવવા માંગે છે.

## કોંગ્રેસના નેતાએ તસવીરો-વીડિયો શેર કર્યો

# રાહુલ ગાંધીએ હરિયાણામાં ટ્રક ડ્રાઇવર્સ સાથે મુસાફરી કરી

### રાહુલ ગાંધીએ અંબાલાથી ચંડીગઢ સુધી ટ્રકમાં મુસાફરી કરી, કોંગ્રેસના તમામ નેતાઓએ આ વીડિયો શેર કરીને રાહુલ ગાંધીના વખાણ કર્યા

અંબાલા, તા.૨૩

બેંગલુરુમાં ડિલિવરી એક્ઝિક્યુટિવ્સ સાથે રાઈડ કર્યા પછી હવે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી હરિયાણાના અંબાલામાં ટ્રક ડ્રાઈવરો સાથે મુસાફરી કરતા જોવા મળ્યા હતા. ટ્રક ડ્રાઈવરો સાથે સવારી કરતા કોંગ્રેસના નેતાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. કોંગ્રેસ નેતા ઈમરાન પ્રતાપગઢીએ પણ આ વીડિયો ટ્વિટર પર શેર કર્યો છે. તેમણે કહ્યું કે ટ્રક ડ્રાઈવરોની સમસ્યાઓ જાણવા માટે માત્ર રાહુલ ગાંધી જ તેમની વચ્ચે પહોંચી શકે છે અને તેમની સાથે વાત કરી શકે છે.

રાહુલ ગાંધી ટ્રકમાં સવાર થઈને દિલ્હીથી શિમલા જવા રવાના થયા હતા.

રસ્તામાં તેમણે અંબાલાથી ચંડીગઢ સુધી ટ્રકમાં મુસાફરી કરી હતી. કોંગ્રેસના તમામ નેતાઓએ આ વીડિયો શેર કરીને રાહુલ ગાંધીના વખાણ કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ વીડિયો સોમવાર રાતનો છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે, તેમની મુલાકાતમાં તેમણે ડ્રાઈવરોના પ્રશ્નો અને સમસ્યાઓને સમજવાનો પણ પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે પણ તેનો વીડિયો શેર કર્યો છે. તેમણે અડધી રાત્રે બસમાં સામાન્ય નાગરિકો અને ટ્રકના ડ્રાઈવરને મળવા પાછળનું કારણ જણાવ્યું છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી આ દેશના લોકોની વાત સાંભળવા માંગે છે, તેમના પડકારો અને સમસ્યાઓને સમજવા માંગે છે. તેમને આમ કરતા જોઈને એક પ્રકારનો આત્મવિશ્વાસ દેખાય છે. કોઈ તો છે જે લોકો સાથે ઉભું છે. કોઈ એવી વ્યક્તિ છે જે તેમના સારા ભવિષ્ય માટે કોઈપણ પ્રકારનું બલિદાન આપવા તૈયાર છે. કોઈ છે જે નફરતના બજારમાં પ્રેમની દુકાન ખોલી રહ્યું છે.

## ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટ્સએસનું નવુ ફિચર

# મેસેજ સેન્ડ કર્યાની ૧૫ મિનિટમાં એડિટ કરી શકાશે

### હવે એકવાર મેસેજને સેન્ડ કરી દીધા પછી પણ તેને એડિટ કરી શકાશે

વોશિંગ્ટન, તા.૨૩

ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટ્સએસ દ્વારા અવાનવાર નવા નવા ફીચર રજૂ કરવામાં આવે છે. તાજેતરમાં તેણે જે ફીચર લાવ્યું છે તેનાથી તમને મોટો ફાયદો થશે. હવે તમે એકવાર મેસેજને સેન્ડ કરી દીધા પછી પણ તેને એડિટ કરી શકશો. વોટ્સએપ દ્વારા આ અંગે ફીચર લોન્ચ કરી દેવાયું છે. જોકે યૂઝર્સ મેસેજને સેન્ડ કર્યાની ૧૫ મિનીટમાં જ એડિટ કરી શકશે.

માહિતી અનુસાર આ ફીચર્સને હાલમાં બીટા ટેસ્ટિંગ માટે વેબ વર્ઝન લોન્ચ કરાયું હતું પરંતુ હવે તેને સત્તાવાર રીતે જાહેર કરાયું છે. વોટ્સએપએ એક બ્લોગ પોસ્ટમાં કહ્યું કે હવે તમે કોઈ ભૂલ કરો કે પછી તમારો વિચાર બદલાઈ જાય તો પણ તમે એકવાર મોકલી ચૂકેલા મેસેજને પણ એડિટ કરી શકશો. જોકે તેના માટે સમયમર્યાદા ૧૫ મિનીટની જ રહેશે. માહિતી અનુસાર જે મેસેજને તમે એડિટ કર્યો હતો તે તમને અને રિસીવર બંનેને એડિટેડ મેસેજ હોવાની નોટિફિકેશન મોકલશે. જોકે અહીં ટ્વિસ્ટ એ રહેશે કે તમે એડિટ કર્યા પહેલા જે મેસેજ મોકલ્યો હશે તે આપમેળે ડિલીટ થઈ જશે. તે રિસીવરને જોવા નહીં મળે. ઉલ્લેખનીય છે કે મેસેજિંગ એપ પહેલાથી જ મોકલેલા મેસેજને ડિલીટ કરવાની સુવિધા આપે છે. હવે મેસેજને એડિટ કરવાની સુવિધા મળી જતાં એકવાર મોકલેલા મેસેજને ફરી લખવામાં સમય વેડફવો નહીં પડે.

વોટ્સએપનું આ ફીચર એપલ જેવું જ છે. એપલે આઈઓએસ ૧૬ સાથે ટેક્સ્ટ મેસેજને એડિટ કરવાની સુવિધા આપી હતી. મેસેજ એડિટ કરવા માટે એપલ યૂઝર્સ પાસે ૧૫ મિનીટનો સમય હોય છે. આઈફોન યૂઝર્સ એક મેસેજને ૫ વખત એડિટ કરી શકે છે પણ વોટ્સએપએ હાલમાં એવી કોઈ માહિતી નથી આપી કે મેસેજને કેટલીવાર એડિટ કરી શકાશે. મેસેજ એડિટ કરવા માટે યૂઝર્સે મેસેજને થોડીકવાર ટેપ કરવું પડશે. તેના પાછી પોપ-અપ ઓપ્શન દેખાશે જેમાં મેસેજ એડિટ કરવાનું ઓપ્શન મળશે. તેની મદદથી યૂઝર્સ મેસેજને એડિટ કરી શકશે.

## ૭ ગુનામાં ફરાર ભૂમાફિયા ઝડપાયો

# દિલ્લીમાંથી નિરજ ઝવેરીને SOGએ દબોચી લીધો

### આરોપી ૭ ગુનામાં વોન્ટેડ હતો અને અંગુઠાના ખોટા લેબ રિપોર્ટ બનાવી કરોડોની જમીન પચાવી પાડી હતી

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ ગ્રામ્ય SOG ૭ ગુનામાં સંડોવાયેલા ભૂમાફિયાની ધરપકડ કરી છે, દિલ્લીમાંથી નિરજ ઝવેરીને SOGએ દબોચી લીધો છે, જે આરોપી ૭ ગુનામાં વોન્ટેડ હતો. તમને જણાવી દઈએ કે, અંગુઠાના ખોટા લેબ રિપોર્ટ બનાવી કરોડોની જમીન પચાવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, નિરજ ઝવેરી નામના એક ચિટરને પકડેલો છે તેમણે કહ્યું કે, જેના ઉપર આ જિલ્લાના સાત ગુના દાખલ થયેલા છે તેમજ આ ડિટેઈલ્સમાં પ્લાન કરતો હતો. તેમજ તેના સાગિરત ઘનશ્યામ સોલંકી જેને અગાઉ એરેસ્ટ કર્યો હતો, આ લોકો જમીન માલિકની ખોટી સહી કરી અથવા ડોક્યુમેન્ટ પરથી સહી સ્કેન કરી ખોટો દસ્તાવેજ ઉભો કરતા હતાં.પોલીસ અધિકારી જણાવ્યું કે, ખોટા દસ્તાવેજ બનાવી મૂળ માલિક પર સિવિલ કેસ પણ કરી દેતા હતાં એટલે સિવિલ કેસના કારણે જ્યારે જમીન માલિકના ઘરે નોટિસ આવે ત્યારે ખબર પડે કે ખોટા દસ્તાવેજના કારણે છેતરપિંડી થઈ છે અને આ આરોપી પ્રોપટીના માલિક જોડેથી પૈસા પણ પડાવતા હતાં. આ આરોપીઓ પર સાત કેસ દાખલ કરવામાં આવ્યા છે. આરોપી નિરજ ઝવેરી વ્યવસાયે બિલ્ડર છે પરંતુ ફટાફટ બિલ્ડર થઈ જવા માટે આ કિમિયો અપનાવ્યો હતો

## ગુજરાતમાં ૬૦૦૦ પદો પર થશે બમ્પર ભરતી

# મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે

### આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે, સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે

ગાંધીનગર, તા.૨૩

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે.

હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે.

તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ B. આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ Aમાં ઓફિસ આસિસ્ટન્ટ, કલેક્ટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ Bમાં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે.

સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. MCQ આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે. મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે.

ગ્રુપ Bની મેઈન પરીક્ષા MCQ આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ A માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને B માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાં વેઈટિંગ લિસ્ટ બનાવવામાં આવશે નહીં અને આ વખતે દરેક કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની છે. પરીક્ષામાં જે ઉમેદવાર હાજર રહેનારા ઉમેદવારોને પરીક્ષા ફી રિફન્ડ આપવામાં આવશે.

## સુવિધાનો લાભ એરપોર્ટ પર મુસાફરી કરતા લોકો સરળતાથી લઈ શકશે

# એરપોર્ટ પર સુવિધા યુક્ત પાર્કિંગ માટે FASTag કાર પાર્ક લોન્ચ કરાયું

### FASTag પાર્કિંગ ઉપયોગ કરતા પ્રવાસીઓએ તેમના FASTagમાં પુરતા બેલેન્સ અને સક્રિય હોવાની ખાતરી કરવી જરૂરી છે

અમદાવાદ, તા.૨૩,અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે (SVPI )પાર્કિંગ સુવિધાને સારી બનાવવા માટે ફાસ્ટેગ કાર પાર્કિંગ લોન્ચ કર્યુ છે. ૨૩ મેથી શરૂ કરાયેલી આ નવતર સુવિધાનો લાભ એરપોર્ટ પર મુસાફરી કરતા લોકો સરળતાથી લઈ શકશે. પરિવારજનોને પીક-અપ કે ડ્રોપ કરવા આવતા લોકો ટર્મીનલ-૨ પર આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ FASTag દ્વારા SVPIAની શ્રેષ્ઠત્તમ તકનીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. જેનાથી મુસાફરોની સગવડોમાં વધારાની સાથે તેમને ઉત્કૃષ્ટ અનુભવ પણ મળશે.SVPIA શરૂઆતથી જ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતું રહ્યું છે. SVPIA ખાતે વાહનોના ઝડપી પ્રવેશ અને નિકાસ માટે FASTagની સુવિધામાં એક -એક લેન રાખવામાં આવી છે. FASTag શરૂ થતાં પાર્કિંગમાં વાહનોની ગતિવિધીઓ ઝડપથી થશે. જેના કારણે સમય અને ઈંધણની બચત થશે. FASTagનો મહત્વનો ફાયદો એ છે કે તેમાં રોકડ વ્યવહારો ની જરૂરિયાત રહેતી નથી, જેથી બધાને સરળતાથી અને ઝડપી પાર્કિંગ વિકલ્પો મળી રહે છે.હવે મુસાફરોને એરપોર્ટ પર પાર્કિંગની રસીદ માટે અથવા પ્રવેશ કે બહાર નીકળતી વખતે રોકડ/ક્રેડિટ ચૂકવણી કરવા રાહ જોવી કે માનવીય હસ્તક્ષેપ રહેશે નહીં. તેથી એકંદરે પાર્કિંગ અનુભવને સીમલેસ બનાવે છે. જો કે, FASTag પાર્કિંગ ઉપયોગ કરતા પ્રવાસીઓએ તેમના FASTagમાં પુરતા બેલેન્સ અને સક્રિય હોવાની ખાતરી કરવી જરૂરી છે.વળી નિર્ધારીત FASTag લેનમાં પ્રવેશતા મુસાફરોએ બહાર નીકળવા માટે પણ એ જ લેનમાંથી પસાર થવું આવશ્યક છે. મુસાફરોએ માનક દર ચૂકવ્યા બાદ પાર્કિંગ સુવિધા માટે કોઈ વધારાનો ખર્ચ કરવો પડતો નથી. SVPIA એરપોર્ટ દૈનિક કામગીરીને સુધારવા ટેક્નોલોજીને નિયમિત અપગ્રેડ કરે છે

# બ્રાન્ડેડ કંપનીના નામે નકલી કપાસિયા તેલ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

અરવલ્લી, તા.૨૩

મોડાસા GIDCમાંથી તિરૂપતિ કપાસિયા તેલના નામે નકલી તેલના ડબ્બાનું પેકિંગ કરતી ફેક્ટરી ઝડપાઈ છે. SOGની ટીમે દરોડો પાડીને ૮ ડબ્બા, ૩૬ સ્ટીકર અને ડબ્બાના ૩૮ બૂચ જપ્ત કર્યા છે.

મળતી માહિતી અનુસાર, મોડાસા GIDC વિસ્તારમાં આવેલી લક્ષ્મી પ્રોટીન્સ નામની તેલ બનાવતી ફેક્ટરીમાં SOG PI સી.એફ રાઠોડ અને તેમની ટીમે બાતમી આધારે રેડ કરી હતી. આ દરમિયાન જૂના તેલના ડબ્બામાં અન્ય તેલ ભરી 'તિરૂપતિ કપાસિયા તેલ'ના સ્ટીકર તેમજ બૂચનો ઉપયોગ કરી વેચાણ કરતા વેપારીને ઝડપી લેવાયો હતો. આ દરમિયાન SOGની ટીમે તિરૂપતિ કપાસિયા તેલના ડુપ્લીકેટ ૩૬ સ્ટીકર, ૩૮ નંગ બુચ તેમજ ૧૫ કિલો તેલ ભરેલા આઠ ડબ્બા સહિત કુલ રૂપિયા ૧૮,૮૧૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ બનાવમાં SOG પીઆઈ સી.એફ રાઠોડે કોપીરાઈટ એક્ટની કલમ ૬૩, ૬૪ મુજબ મોડાસા ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે, જ્યારે પોલીસે મોડાસા બસ સ્ટેશન નજીકની લક્ષ્મીકુંજ સોસાયટીમાં રહેતા અમિત કુમાર કિશનલાલ શાહની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગૃહ પ્રધાન અમિત શાહે કરી મોટી જાહેરાત

# મતદાર યાદીમાં આપોઆપ તમારું નામ ઉમેરાઈ જશે અને દૂર થઈ જશે

### મૃત્યુ-જન્મ નોંધણીને મતદાર યાદી સાથે જોડવા માટે સંસદમાં બિલ લાવવામાં આવશે, આ હેઠળ, જ્યારે કોઈ વ્યક્તિ ૧૮ વર્ષની થઈ જશે, ત્યારે તેનું નામ આપોઆપ મતદાર યાદીમાં જોડાઈ જશે

નવી દિલ્હી, તા.૨૩

સરકાર જન્મ અને મૃત્યુ સંબંધિત ડેટાને મતદાર યાદી સાથે લિંક કરવા સંસદમાં બિલ લાવવાની યોજના બનાવી રહી છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના કાર્યાલય 'જનગણના ભવન'નું ઉદ્‌ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે વસ્તી ગણતરી એવી પ્રક્રિયા છે જે વિકાસના એજન્ડાનો આધાર બની શકે છે.

તેમણે કહ્યું કે, ડિજિટલ, સંપૂર્ણ અને સચોટ વસ્તી ગણતરીના ડેટાના બહુ-પરિમાણીય લાભ થશે. વસ્તી ગણતરીના ડેટા પર આધારિત આયોજન એ સુનિશ્ચિત કરે છે કે વિકાસ ગરીબમાં ગરીબ સુધી પહોંચે. શાહે એમ પણ કહ્યું હતું કે, જન્મ-મરણ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વિકાસના કામોનું યોગ્ય આયોજન કરી શકાય. અમિત શાહે કહ્યું, મૃત્યુ અને જન્મ રજીસ્ટરને મતદાર યાદી સાથે જોડવા માટે સંસદમાં બિલ રજૂ કરવામાં આવશે. આ પ્રક્રિયા હેઠળ, જ્યારે વ્યક્તિ ૧૮ વર્ષની થાય છે, ત્યારે તેનું નામ આપોઆપ મતદાર યાદીમાં સામેલ થઈ જશે. તેવી જ રીતે, જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, ત્યારે તે માહિતી આપમેળે ચૂંટણી પંચ પાસે જશે, જે મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાની પ્રક્રિયા શરૂ કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ, ૧૯૬૯ માં સુધારો કરવા માટેનું બિલ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ જારી કરવા, લોકોને સરકારી કલ્યાણ યોજનાઓનો લાભ આપવા વગેરે સંબંધિત બાબતોને પણ સરળ બનાવશે. શાહે જણાવ્યું હતું કે, જો જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વસ્તી ગણતરી વચ્ચેના સમયનો અંદાજ લગાવીને વિકાસના કામોનું આયોજન યોગ્ય રીતે કરી શકાય છે. અમિત શાહે કહ્યું, હું છેલ્લા ૨૮ વર્ષથી વિકાસ પ્રક્રિયા સાથે જોડાયેલો છું અને જોયું છે કે આપણા દેશમાં વિકાસ માંગ આધારિત છે. જે જનપ્રતિનિધિઓની બોલબાલા હતા તેઓ તેમના મતવિસ્તારના વિકાસનો વધુ લાભ લઈ શકતા હતા. આ એ કારણોમાં એક છે કે આપણો વિકાસ કેમ ભાગોમાં થયો અને ડુપ્લિકેશનને કારણે વધુ ખર્ચાળ રહ્યો છે. નવા જનગણના ભવન સાથે, અમિત શાહે જન્મ અને મૃત્યુની નોંધણી માટેના વેબ પોર્ટલનું પણ ઉદ્‌ઘાટન કર્યું. વસ્તીગણતરી અહેવાલોનો સંગ્રહ, વસ્તી ગણતરીના અહેવાલોના વેચાણ માટેનું ઓનલાઈન પોર્ટલ અને જીઓફેન્સીંગ સુવિધા સાથે એસઆરએસ મોબાઈલ એપનું અપગ્રેડેડ વર્ઝન પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

## બફારો વધવાથી અકળામણ થશે

# ગુજરાતવાસીઓને ગરમીથી રાહત મળવાની વકી

### હવામાન વિભાગે કરેલી આગાહીમાં ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી

અમદાવાદ, તા.૨૩

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી તેમાં ગરમીથી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જોકે, ભેજનું પ્રમાણ વધવાથી બફારો વધશે જેના કારણે અકળામણ વધી શકે છે. તાપમાન ઘટવાની સાથે ભેજનું પ્રમાણ વધવાથી પરસેવે રેબઝેબ થઈ શકો છો. આ સાથે અમદાવાદ માટે આજે પણ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. શહેરમાં હાલ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહે છે, જેમાં આગામી સમયમાં ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસના હવામાનની આગાહી કરાઈ હતી. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાન મોટાભાગે સૂકું રહેવાની સંભાવના છે. વરસાદ થવાની વધુ સંભાવનાઓ નથી. આ સિવાય આગામી પાંચ દિવસ તાપમાનમાં પણ મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. એટલે કે આજથી ચાર દિવસ માટે હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. હવામાન વિભાગે કરેલી આગાહીમાં ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગે ગરમીમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. જોકે, ગરમીમાં ઘટાડો થવાની સંભાવનાની સાથે ભેજનું પ્રમાણ વધવાની પણ શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી. જોકે, ભેજનું પ્રમાણ વધવાથી અકળામણ વધશે. અમદાવાદ શહેર ૪૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

જ્યારે ગાંધીનગરનું મહત્તમ તપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. આ સિવાય અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્રના ત્રણ ભાગોને છોડતા બાકી તમામ જગ્યાઓ પર ૩૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. ડૉ. મનોરમા મોહંતીએ અમદાવાદની સાથે ગાંધીનગરના મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. અમદાવાદ માટે આજે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. જોકે, આજ પછી અમદાવાદમાંથી યલો એલર્ટ દૂર થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. બે-ત્રણ દિવસ પછી ભેજનું પ્રમાણ વધવાની સંભાવના છે, જેના કારણે હવામાનમાં ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ હવામાન સૂકું રહેવાની જ સંભાવના ડૉ. મોહંતી દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભેજનું પ્રમાણ વધવાની ગરમીમાં ઘટાડો થશે.રાજ્યમાં સૌથી નીચું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી દ્વારકા તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં નોંધાયું હતું. હાલ રાજ્યમાં અલગ-અલગ જગ્યાઓ પર ભેજનું પ્રમાણ ૮૦%ને પાર જઈ રહ્યું છે. જેમાં દરિયા કિનારાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધુ રહે છે. બપોર પછી ગરમીનું જોર વધતા ભેજના પ્રમાણમાં ઘટાડો થવા લાગે છે. પરંતુ આગામી દિવસોમાં ભેજનું પ્રમાણ વધવાની શક્યતાઓના કારણે બફારો અને અકળામણ વધી શકે છે. હાલ બપોરના સમયે પણ અમદાવાદમાં ભેજનું પ્રમાણ ૪૫% જેટલું છે, પશ્ચિમ સૌરાષ્ટ્રના દરિયાઈ પટ્ટી વિસ્તારમાં આવેલા ભાગોમાં બપોરના સમયે પણ ભેજનું પ્રમાણ ૬૦-૭૦ની વચ્ચે નોંધાયું છે. જ્યારે પૂર્વ ગુજરાતના ભાગોમાં હાલ ભેજનું પ્રમાણ ઓછું છે.

## સરકારી કર્મચારીઓ માટે ખુશ ખબર

# ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો

### સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે


ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સરકારના કર્મચારીઓના અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૭-૨૦૨૨ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તારીખ ૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૨ તથા તા.૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ આઠ ટકા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે, તે ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે.તદઅનુસાર, તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૦૨૩ના પગાર સાથે, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૩ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓક્ટોબર-૨૦૨૩ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૪,૫૧૬ કરોડનું નાણાકીય ભારણ વધશે.

# સા.કુંડલા ખાતે ૭૦ સાધુસાધ્વીજી મહારાજનું ભવ્યાતિભવ્ય સ્વાગત થયું



પૂજય આચાર્ય ભગવંત શ્રી શ્રેયાંન્સપ્રભુ સુરીરજી મહારાજ, શ્રી વિજય હર્ષદર્શન સૂરીરજી મહારાજ, શ્રી વિજય ધર્મદર્શન સુરેરજી મહારાજ, આદિ ૭૦ સાધુ સદવીજી મહારાજનો ગાધકડાથી વિહાર કરી સાવરકુંડલા પધારેલ. મોમાઈ માતાજીના મંદિરેથી ભવ્યાતી ભવ્ય સાહેબજીનું સામૈયુ કરવામાં આવેલ. શહેરના માર્ગો ઉપર ઘવળી રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે શહેરના આગેવાનો અને ભાજપના હોદ્દેદારોએ સાહેબજીનું સ્વાગત કરેલ. સાહેબજી સાવરકુંડલા ખાતે સાત દિવસ સ્થિરતા કરવાના છે વ્યાખ્યાન સવારના ૬ થી ૮ જૈન દેરાસર ખાતે રાખવામાં આવેલ છે. સામૈયાનું ભવ્ય આયોજન સાવરકુંડલા જૈન સંઘના પ્રમુખ નવીનભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું. એમાં સાવરકુંડલા જૈન સંઘના દરેક ભાઈઓ–બહેનો દ્વારા હર્ષ ઉલ્લાસથી સામૈયાના પ્રસંગેને વધાવવામાં આવ્યો હતો.

### ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

## વેણીવદરનાં ખેડૂતોનો વળતરનો વર્ષો જુનો જટિલ પ્રશ્નનો ઉકેલ મળી ગયો

### ખેડૂતોને વળતર પેટે ૫.૬૬ કરોડ વળતર મળશે

અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાનાં વેણીવદર ગામનાં ખેડૂતોની જમીન વર્ષો પહેલા વડી સિંચાઈ યોજના અંતર્ગત સંપાદિત થઈ હતી. જેનાં વળતરનો પ્રશ્ન વર્ષો થયા અધ્ધરતાલ હતો. આ યોજનામાં ખેડૂતોની સંપાદિત થયેલી જમીનનું યોગ્ય વળતર ન મળવાનાં કારણે ખેડૂતો પરેશાન હતા. વળતરનાં આ વર્ષો જુના જટિલ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ખડૂતો દ્વારા અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆતને ખુબ જ ગંભીરતાથી હાથમાં લઈ જાગૃત અને કર્મશીલ ધારાસભ્યએ સરકારમાં સબળ રજુઆત કરતા હવે ખેડૂતોને વળતર પેટે રૂપિયા ૫ કરોડ ૬૬ લાખ જેવી રકમ મળશે.

વળતરની આ રકમ સરકારનાં નાણાં વિભાગે મંજુરી આપી સિંચાઈ વિભાગને ફાળવી દેતાં ટુંક સમયમાં જ આ રકમ ખેડૂતોનાં ખાતામાં જમા થઈ જશે.

સ્થાનિક ધારાસભ્યની સફળ રજુઆતનાં પગલે ખેડૂતોને વળતરની આ રકમ ફાળવી આપવા મંજુરી મળી જવાથી ખેડૂતોના ચહેરા ઉપર કાળા ઉનાળે ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા એસ.ટી. ડેપોમાંથી**

તેને છોડવામાં નહીં આવે તેમ પેસેન્જર દ્વારા પ્રેસ યાદીમાં જણાવેલ છે. આ બાબતે અનેકવાર આવા કિસ્સાઓ બની ગયેલ છે પણ અધિકારીઓને પેટમાં પાણી પણ હલતું નથી અને ડેપો મેનેજરને કોઈ કેવાવાળું ન હોય તેમ ડ્રાઈવરોને પણ મન ફાવે તેમ પોતાની મનમાની કરી બસ અને સમય એનો જ હોય તેમ એસટી બસ ઉપાડે છે. આ બાબતે સ્થાનિક કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો છે આગામી મુખ્યમંત્રી કાર્યક્રમમાં આ મુદ્દો ઉછાળવામાં આવશે. આ ઉપરાંત સંકલનમાં પણ આ મુદ્દો લેવામાં આવશે. આ બાબતે ડીસી બધું જાણતા હોવાથી આ લોકો ઉપર શું કામ એકશન લેવામાં નથી આવતી તે હવે જોવાનું રહ્યું અને આ બાબતે પણ તેમને જવાબ દેવાનો આવશે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી તાલુકા આરોગ્ય વિભાગની**

કરતા લોકોને કલમ ૪, ૬ (અ અને બ) હેઠળ ટોટલ ૧૪૦૦ દંડની વસૂલાત કરવામાં આવેલ.

શાળાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનું વેંચાણ કરતા એકમો, જાહેરમાં ધુમ્રપાન કરતા લોકો, લારી, ગલ્લાઓ ઉપર ૧૮ વર્ષથી નાની વયનાં બાળકોને તમાકુ વેચવું દંડનીય અપરાધ છે તથા તમાકુથી કેન્સર થાય છે તેવા આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી દર્શાવતું બોર્ડ, પ્રતિબંધિત સિગારેટનું વેંચાણ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવકુમાર સિંહા, ડો. એમ.આર. મસ્કતી, જિલ્લા કાઉન્સેલર રિયાઝ મોગલ, સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર જે.બી. જોષી, એમ.પી.એચ. ડબ્લ્યુ વિપુલભાઈ જાદવ તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા કરાઈ હતી.૧૮ વર્ષથી નીચેની ઉમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસન મુકત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિંહા દ્વારા અપીલ કરેલ જે યાદીમાં જણાવેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાનું સન્માન

## કુંકાવાવનાં તરઘરી ગામે નવી ગામ પંચાયત કચેરી બનશે

### સરપંચ રમાબેન હિરપરાએ આભાર માન્યો

અમરેલી, તા. ૨૩

કુંકાવાવના તરઘટી ગામની વર્ષો જુની ગામ પંચાયત કચેરીનાં સ્થાને નવું મકાન બનાવવાનો નિર્ણય જતાં ગામજનોમાં ખુશીનો માહોલ છે.

ગામનાં મહિલા સરપંચ, રમાબેન હીરપરાએ ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનો આભાર માન્યો હતો.



પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા–રંધોળા વચ્ચેનાં**

કારણે અવાર–નવાર ગંભીર અકસ્માત સર્જાય છે. આશરે ૩ થી ૪ વર્ષથી કામગીરી બંધ હાલતમાં હોય જે કામગીરી હાલ પુરી થયેલ નથી. તેથી આ હાઈ–વે નું કામ તાત્કાલિક ધોરણે પુરૂ થાય તેવી માંગ લીલીયા તાલુકા પંચાયતનાં સદસ્ય જગદીશભાઈ દેવલીયાએ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની ગજેરા સ્કૂલને**

મળી ગયેલ છે. તેવી આ શાળાને એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનથી કાર્યરત સ્કુલ–કોલેજ, હોસ્ટેલમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ સર્વાંગી શિક્ષણ મેળવી સંસ્કાર સાથે કારકિદી ઘડતર કરી લાખો વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ કક્ષાએ પહોંચ્યા છે ત્યારે આ એવોર્ડ મોરપીંછનાં મુકુટ સમાન છે. જે વિદ્યાર્થીઓની મહેનત અને તમામ સ્ટાફનાં સહકરથી આ બેસ્ટ એવોર્ડ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. જે બદલ સંસ્થા પરિવાર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. રાજયમાંથી સંસ્થાને બેસ્ટ એવોર્ડ માટે પસંદગી પામતા શિક્ષણપ્રેમી વ્યકિતઓ અને વાલીઓની બહોળા પ્રમાણમાં શુભેચ્છાઓ મળી રહી છે.

આ કાર્યક્રમ વીટીવી ન્યુઝ દ્વારા 'દ્રોણા એજયુકેશન એવોર્ડ– ૨૦૨૩' નું આયોજન થયેલ હતું.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૫ | ૧૪૪૫ |
| ૨ | ચણા | ૮૭૫ | ૯૧૫ |
| ૩ | જુવાર | ૬૦૧ | ૭૪૫ |
| ૪ | તલ સફેદ | ૨૫૭૭ | ૨૬૬૦ |
| ૫ | બાજરો | ૩૭૬ | ૪૩૬ |
| ૬ | ઘઉં | ૩૫૦ | ૩૫૦ |
| ૭ | એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | મેથી | ૧૦૭૧ | ૧૦૭૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૬૨ | ૧૪૫૬ |
| ૨ | શિંગ મોટી | ૧૨૭૯ | ૧૪૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૧૫૫ | ૧૯૦૭ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૨૨ | ૧૭૭૪ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૯૮૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૨૮૭૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૨૫ | ૩૦૪૭ |
| ૮ | બાજરો | ૩૮૩ | ૪૬૧ |
| ૯ | જુવાર | ૪૭૨ | ૯૦૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૯૧ | ૬૧૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૬ | ૪૭૮ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | ૬૨૨ |
| ૧૩ | મગ | ૭૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | અડદ | ૭૭૦ | ૧૫૫૦ |
| ૧૫ | ચણા | ૬૫૬ | ૯૫૯ |
| ૧૬ | ચણા દેશી | ૮૯૯ | ૮૯૯ |
| ૧૭ | તુવેર | ૬૦૦ | ૧૬૬૬ |
| ૧૮ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૬ |
| ૨૦ | જીરૂ | ૨૦૯૦ | ૮૪૦૦ |
| ૨૧ | ઈસબગુલ | ૩૦૫૦ | ૩૫૦૦ |
| ૨૨ | ધાણા | ૮૭૦ | ૧૨૩૧ |
| ૨૩ | ધાણી | ૧૧૦૦ | ૧૪૬૫ |
| ૨૪ | મેથી | ૧૦૫૦ | ૧૨૦૧ |
| ૨૫ | સોયાબીન | ૭૦૦ | ૯૪૫ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૮ | ૧૪૮૨ |
| ૨ | મગફળી | ૧૨૬૫ | ૧૩૫૫ |
| ૩ | તલ સફેદ | ૨૪૪૫ | ૨૭૧૫ |
| ૪ | જીરૂ | ૫૦૧૫ | ૮૦૭૫ |
| ૫ | ઘઉં | ૩૯૬ | ૪૫૪ |
| ૬ | ચણા | ૮૫૯ | ૯૧૧ |
| ૭ | ધાણા | ૧૧૧૦ | ૧૨૧૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૧૦૦ | ૧૫૦૩ |
| ૨ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૩ |
| ૪ | તલ પીળા | ૨૮૦૦ | ૨૯૫૧ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૧ | ૨૮૫૧ |
| ૬ | તલ કાળા | ૨૫૫૧ | ૨૮૬૧ |
| ૭ | જીરૂ | ૭૫૦૦ | ૮૧૭૫ |
| ૮ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૯૦ |
| ૧૧ | બાજરો | ૩૭૫ | ૪૪૮ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૮૪૦ |
| ૧૩ | મગ | ૧૪૫૧ | ૧૭૧૧ |
| ૧૪ | અડદ | ૧૪૫૦ | ૧૮૧૦ |
| ૧૫ | અજમા | – | ૨૧૦૧ |
| ૧૬ | ચણા | ૮૫૦ | ૯૫૮ |
| ૧૭ | તુવેર | ૧૩૫૦ | ૧૬૫૧ |
| ૧૮ | એરંડી | ૧૦૨૧ | ૧૧૧૩ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૨૦ | રાય | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૧ | ધાણા | ૯૫૫ | ૧૨૦૦ |
| ૨૨ | સોયાબીન | ૮૮૦ | ૯૫૨ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૧ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૧૨૦૬ | ૧૩૫૧ |
| ૩ | ઘઉં | ૪૦૮ | ૪૩૧ |
| ૪ | ચણા | ૭૩૦ | ૮૯૫ |
| ૫ | સફેદ ચણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૬ | છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૫૦ |
| ૭ | ધાણા | ૯૦૧ | ૧૧૧૧ |
| ૮ | સફેદ તલ | ૨૫૮૬ | ૨૬૫૧ |
| ૯ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૧૦ | એરંડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૧ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | સોયાબીન | ૯૫૩ | ૯૫૩ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૯૯ |
| ૨ | ધાણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૩ | ચણા | ૬૦૬ | ૮૦૪ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૪ | ૪૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૪૫ |
| ૬ | તુવેર | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૭ | શીંગ દાણા | ૧૬૪૭ | ૧૬૪૭ |
| ૮ | મગફળી | ૧૩૧૫ | ૧૩૩૦ |
| ૯ | સફેદ તલ | ૨૩૨૦ | ૨૬૬૨ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | ૧૫૫૧ |
| ૧૧ | કાળા તલ | ૨૪૦૫ | ૨૪૦૫ |
| ૧૨ | ચણા સફેદ | ૧૦૩૫ | ૧૧૯૪ |


**સંકુલ ધો. ૧૧ સાયંસ ગુજરાતી મિડીયમ બોયઝ સ્કૂલ**
**સંકુલ ધો. ૧૧ કોમર્સ ગુજરાતી મિડીયમ બોયઝ સ્કૂલ**

★ સ્કૂલ ફી વાર્ષિક – ધો. ૧૧ સાયંસ 24400 – ધો. ૧૧ કોમર્સ 8600
JEE - NEET ગુજકેટ & બોર્ડ MCQ – ડેઈલી નિઃશુલ્ક કલાસ

★ ધો. ૧૧ સાયંસ બાયોલોજી & મેથ્સ – બન્ને ગૃપમાં પ્રવેશ મળશે.
બોયઝ સ્કૂલ – બાયપાસ ગેઈટ નં.–૩ ન્યુ બિલ્ડીંગ – સ્થાનિક બોયઝ ને પ્રવેશ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચલાલગઢ રોડ, અમરેલી ★ ફોન:[illegible] થી ૨૬ Ad032


### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૦૦ | ૪૯૪ |
| ૨ | જુવાર | ૪૨૧ | ૮૬૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૪૪૦ |
| ૪ | મકાઈ | ૪૦૦ | ૫૪૧ |
| ૫ | મગ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૬ | અડદ | ૧૪૫૧ | ૧૫૮૦ |
| ૭ | તુવેર | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૮ | ચણા | ૬૦૦ | ૯૦૦ |
| ૯ | સોયાબીન | ૯૫૧ | ૯૫૧ |
| ૧૦ | રાય | ૧૦૪૦ | ૧૧૦૦ |
| ૧૧ | શીંગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૧૨ | ચોળી | ૮૫૨ | ૮૫૨ |
| ૧૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૩૨ |
| ૧૪ | તલ કાળા | ૨૧૦૦ | ૨૬૬૦ |
| ૧૫ | એરંડી | ૬૦૦ | ૯૦૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૪૪૧ |

# જાફરાબાદ સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત સમુહલગ્નમાં ૩૩ યુગલો નિકાહના પવિત્ર બંધનમાં જોડાયા






તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદ ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ તથા સીદીકી એન્ટરપ્રાઈઝ તથા કાજી ફેમિલી જાફરાબાદ દ્વારા તા/૨૧/૦૫/૨૦૨૩ના રોજ સમુહલગ્ન આયોજીતમાં ૩૩, યુગલોના નિકાસના પવિત્ર બંધનમાં જોડાયા જાફરાબાદમાં વસતા મુસ્લિમ સમાજના સમુહલગ્ન પ્રસંગે ૩૩ દુલ્હા અને ૩૩ દુલ્હનો નિકાહના બંધનમાં બંધાયા હતા જેમાં જાફરાબાદના યુવક – યુવતીઓ આ સમુહશાદીમા જોડાઈ ઈસ્લામિક વિધિ અનુસાર નિકાહ પેઢ ીને લગ્નજીવનમાં પ્રવેશ કર્યો હતો આ પ્રથમ સમુહ લગ્નોત્સવ સફળ બનાવવા જુદી – જુદી કમિટી દ્વારા રાત્રિ દિવસ ભારે જેમત ઉઠાવી હતી તેઓએ આ પ્રસંગને સફળ બનાવ્યો સમુહલગ્નમાં જોડાનાર તમામ વરવધૂઓને સીદીકી એન્ટરપ્રાઈઝ કાજી ફેમિલી જાફરાબાદ સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ઘરવખરી તેમજ રાચરચીલું કરિયાવર દાન પેટે અપણ કરવામાં આવ્યું હતું આ તબક્કે જુદા જુદા જિલ્લાઓમાંથી પધારેલ મહેમાનોને ફૂલ હારથી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ અમરેલી અલ સાહારા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા શકીલભાઈ જફરમિયા હાજીનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યુ હતું આ સમુહશાદીમા ઉનાથી પધારેલા પીરે તરીક પીર બાપુએ પોતાની પ્રવચનમાં દીકરીઓના દરજજા વિશે મહત્વ સમજાવ્યું હતું આ સમુહશાદીમા ડુંગરથી પીરે તરીક ઈકબાલબાપુ સાવરકુંડલાથી પીરે તરીક દાદાબાપુના પુત્ર આ સમુહશાદીમા જુદા–જુદા જિલ્લાઓમાંથી પધારેલ મહાનુભાવો પધારેલ હતા તથા અધિકારીઓ પદાધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફ તથા ટાઉન પોલીસ સ્ટેશન ના પી.આઈ.દેસાઈ તથા સાવરકુંડલાથી પધારેલ ડીવાયએસપી હરેશ વોરા તથા નિવૃત્ત આસિસ્ટન્ટ પોલીસ કમિશનર જે.એમ. ઠકર તથા રાજુલાથી પધારેલ પદાધિકારીઓ તથા જાફરાબાદ હિન્દુ સમાજના અગ્રણીઓ તથા વેપારી એસોસિયેશન તથા અન્ય અગ્રણીઓ તથા ખારવા સમાજના અગ્રણીઓ તથા કોળી સમાજના પટેલ કણભાઈ બારૈયા અગ્રણીઓ તથા એડવોકેટ આઈ.આઈ.ગાહા, તથા વકિલ મંડળ ના પ્રમુખ એડવોકેટ દિલીપભાઈ બારૈયા તથા નોટરી એડવોકેટ કિર્તીભાઈ બારૈયા તથા ઉમેજના ઊનાના મુસ્લિમ સમાજના મુન્નાભાઈ, મુસ્લિમ સમાજના પ્રમુખ સિદુભાઈ થૈયમ, તુરકીં જમાતના નિહાયાજભાઈ નરપાલી, નેસડી જમાતના ઈલીયાસભાઈ ખોખર, કાશમભાઈ ખોખર, રાજુલાના સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ આરિફભાઈ જોખીયા, તથા કાજી પરિવારના હાજી મુસ્તુફા મિયાં, હાજી ઝફર મિયાં, શકીલભાઈ કાજી, હજી દાદુ મિયાં હાજી જીણાભાઈ, કાજી ધરવેજ મિયાં હાજી ઝાહીદભાઈ, વિગેરે સમાજ પ્રત્યેનું ઉત્તર દાહિત્યે નિભાવિયુ હતું સમસ્ત મુસ્લિમ સમાજએ બિરદાવ્યા હતા આ લગ્નસમારોહમાં પત્રકાર મિત્રો વરિષ્ઠ પત્રકાર તેમજ સિટીઝન ફોરમ ઓફ હ્યુમન રાઈટસના નેશનલ ચેરમેન એચ. એમ. ઘોરી તથા પત્રકાર તેમજ સાગર ખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ આર.સોલંકી તથા પત્રકાર તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ બારૈયા, તથા પત્રકાર અકબરભાઈ સૈયદ,તથા પત્રકાર કાળુશા કનોજીયા, તથા પત્રકાર ફિરોઝ ખાન, આ સમુહસાદીમા વિશાળ સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા આ કાર્યક્રમનું સંચાલન રાજુલાના નિવૃત્ત શિક્ષક રહીમભાઈ કનોજીયાએ સફળ સંચાલન કર્યુ હતું.

# અમરેલીનાં બિલ્ડર ડી.એમ. સિદ્ધપરા દ્વારા પાલિકાનાં શાસકોનું સન્માન થયું



અમરેલી, તા.૨૩

અમરેલીનાં જાણીતા બિલ્ડર ધીરૂભાઈ સિધ્ધપરા દ્વારા શહેરમાં ફાયર સેફટીને લઈને જનજાગૃતિ ઉભી કરવા બદલ પાલિકાનાં કારોબારી ચેરમેને સુરેશભાઈ શેખવા, ફાયર સેફટીની કામગીરી કરનાર ભગીરથ ત્રિવેદી તેમજ અન્ય આગેવાનો, અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું.

## નહીં તો પછી કશું નહીં થઈ શકે : WHO ચીફ

# આગામી મહામારી માટે અત્યારથી રહો તૈયાર

નવી દિલ્હી, તા.૨૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ૭૬મી એસેમ્બલી સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં શરૂ થઈ ગઈ છે. તે જીવન બચાવવા, તમામ માટે આરોગ્ય સંબંધિત ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વર્ષે WHOની ૭૫મી વર્ષગાંઠ છે. ૧૦ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમિયાન અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં સંસ્થાના વડા ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયસસે કહ્યું કે આગામી મહામારીની તૈયારી અત્યારથી જ શરૂ કરવી પડશે. જો તે અત્યારે નહીં થાય તો તે ફરી ક્યારેય નહીં થઈ શકે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દેશોના સુધારા, ભંડોળ વધારવા અને આગામી મહામારી માટે તૈયારી કરવા પર દબાણ કરી રહ્યું છે.

તાજેતરમાં જ WHO દ્વારા કોવિડ-૧૯ પર જાહેર કરાયેલી કટોકટીની સ્થિતિનો અંત આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે તે હવે મહામારી નથી. ઘેબ્રેયસસે કહ્યું કે, 'જો આપણે જે ફેરફાર કરવાના છે તે નહીં કરીએ તો કોણ કરશે? જો અત્યારે કોઈ ફેરફાર નહીં થાય તો ક્યારે થશે?' તેમણે કહ્યું કે આગામી મહામારીને રોકવા માટે અગાઉથી વાતચીત કરવા અને તૈયારીને આગળ વધારવા માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસને લઈને દુનિયાને મોટી રાહત આપી છે. WHOએ કોવિડ વિશે મોટી જાહેરાત કરી અને કહ્યું કે કોવિડ હવે પબ્લિક ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી રહી નથી. આ અંગેનો નિર્ણય ઈમરજન્સી કમિટીની ૧૫મી બેઠકમાં લેવામાં આવ્યો હતો. WHOએ કહ્યું કે છેલ્લાં એક વર્ષમાં કોવિડના કેસોમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને પબ્લિક ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીમાંથી કોરોનાને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંગઠને કહ્યું કે કોરોનાની એટલી મોટી અસર થઈ કે શાળાથી લઈને ઓફિસો બંધ રહી. આ સમય દરમિયાન ઘણા લોકો તણાવ અને ચિંતામાંથી પસાર થયા હતા. તેણે વિશ્વની અર્થવ્યવસ્થા પર પણ અસર કરી. WHOના મહાનિર્દેશક ડૉ. ટેડ્રોસે કહ્યું કે વૈશ્વિક સ્વાસ્થ્ય ઈમરજન્સીમાંથી કોરોનાને દૂર કરવાનો અર્થ એ નથી કે કોવિડ ખતમ થઈ ગયો છે. હજુ પણ નવા વેરિએન્ટ આવી રહ્યા છે. WHOએ કહ્યું કે તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કોવિડને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરવામાં આવી હતી.


હેપ્પી બર્થ–ડે...

અમરેલીનાં 'રોમિલ'નો આજે જન્મદિવસ હોવાથી પપ્પા : જ્યોતિર્મય મકવાણા, મમ્મી : અમૃતાબેન, બહેન ભૂમિકા, દાદી : મંજુલાબેન, ફઈ : વંદનાબેન, તથા સમસ્ત પરિવાર તરફથી લાડકડા 'રોમિલ' ને તેના જન્મદિને ખુબ-ખુબ શુભેચ્છા સહ આશીર્વાદ. મુ. અમરેલી.


રોમિલ


# સાવરકુંડલા : સ્વામીનારાયણ મંદિરનાં સત્સંગીઓ ચારધામની યાત્રાએ



સાવરકુંડલા તા. ૨૩

સાવરકુંડલાના પૂર્ણ પુરૂષોત્તમ સ્વામીનારાયણ મંદિરના સત્સંગીઓનો સંઘ ચારધામ સહિત વિવિધ ધાર્મિક સ્થળોની એક માસની યાત્રાએ તારીખ ૨૮/૪ થી પ્રસ્થાન થયો છે જે એક માસની ધાર્મિક યાત્રા પૂર્ણ કરી તારીખ ૨૮/૫ ના રોજ સાવરકુંડલા પરત ફરશે. આ યાત્રા સંઘ સ્વામિનારાયણ મંદિરના પૂજય સ્વામિ શ્રી બાલસ્વરૂપ સ્વામી અને પૂજય હરિસ્વરૂપ સ્વામીનાં સાનિધ્યમાં સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરેથી રાધારમણ દેવ અને ઘનશ્યામ મહારાજનાં આશીર્વાદ સાથે પ્રસ્થાન થઈ વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કરતા કરતા ઉજજૈન, કાશી વિશ્વનાથ, ચિત્રકૂટ, અયોધ્યા, હરિદ્વાર, ઋષિકેશ, કેદારનાથ, બદ્રીનાથ, ગોકુલ, મથુરા, વૃંદાવન, યમનોત્રી, ગંગોત્રી સહિતના પવિત્ર યાત્રાધામ સાથે નેપાળમાં પશુપતિનાથ મહાદેવના પણ દર્શન, પૂજન કરી પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે. આમ તો ગુજરાતી યાત્રાળુ માટે ચારધામની યાત્રા વિપરીત આબોહવા અને પ્રતિકૂળ હવામાનના કારણે ખૂબ કઠિન ગણાતી હોય છે. પરંતુ સ્વામીનારાયણ ભગવાનની અસીમ કૃપાથી સાવરકુંડલાનાં યાત્રાળુની ચારધામ યાત્રા ખૂબ સરળતાપૂર્વક ચાલી રહ્યાનું પૂર્વ નગરપતિ ડી.કે પટેલે કેદારનાથથી જણાવ્યું હતું. યાત્રા પ્રવાસ દરમિયાન યાત્રાળુઓને કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી વગેરે સ્થળોએ બરફ વર્ષાનાં આહ્લાદક અનુભવ સાથે કુદરતી સૌંદર્યનો અદભુત નજારો માણવા મળ્યો હતો. વિવિધ ધર્મસ્થળોએથી સાવરકુંડલાના પૂર્વ નગરપતિ ડી.કે. પટેલ સાવરકુંડલામાં તેમના મિત્રો, સ્નેહીજનો, ટેકેદદારો પણ વિવિધ ધર્મસ્થળ ોના દર્શન કરી શકે તે માટે જે તે ધાર્મિક સ્થળ ોએથી દરરોજ સવારે વિડીયો મારફત સ્નેહી મિત્રોને ઘેર બેઠા ચારધામ દરમ્યાન વિવિધ પવિત્ર યાત્રાધામનાં દર્શન, આરતીનો લાભ આપી રહ્યા છે. તારીખ ૨૮/૫ રોજ યાત્રાળુઓ સાવરકુંડલા પરત ફરશે અને સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરમાં રાધા રમણ દેવ અને શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી યાત્રાનું સમાપન કરશે. યાત્રા દરમિયાન યાત્રાળુઓએ સાવરકુંડલા ના તમામ નગરજનો સુખ, સમૃદ્ધિ અને સુખાકારી મેળવતા રહે તે માટે દરેક ધાર્મિક સ્થળોએ પ્રાર્થનાઓ કરી રહ્યા છે. તસવીરમાં સાવરકુંડલાનો યાત્રાળુ સંઘ કેદારનાથ મહાદેવ ખાતે દ્રષ્ટિગોચર થાય છે.

## જૂનાગઢ સૂરજ ભુવાજીનાં સાનિધ્યમાં

# સાવરકુંડલાનાં સિનિયર એડવોકેટ રાઠોડ પરિવાર દ્વારા માતાજીનો પ્રસાદોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૩
(પ્રતાપભાઈ ખુમાણ)

સાવરકુંડલાનાં સિનિયર મોસ્ટ એડવોકેટ કાકુભાઈ રાઠોડ પરિવાર દ્વારા પલાણીયા બીડ,ખોડીયાર મંદિરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ જૂનાગઢથી સૂરજ ભુવાજીએ હાજરી આપી હતી. મહા મંડલેર ગોવિંદગિરિ બાપુનાં માર્ગદર્શન હેઠળ હજારો ભકતોએ માતાજીનો પ્રસાદ આરોગ્યો હતો. યુવા એડવોકેટ ગૌતમ રાઠોડ અને અજય રાઠોડ દ્વારા સૂરજ ભુવાજી અને સાવરકુંડલાનાં અગ્રણી પત્રકાર અને સનરાઈઝ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.



## ધો.૧૦નાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવુ પડશે

# અમરેલી : બાબાપુરની જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૧૧ માં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ

### ૩૧ મે સુધી સુધીમાં ફોર્મ ભરી શકાશે

બાબાપુર, તા. ૨૩, જવાહર નવોદય વિદ્યાલય, મોટા ભંડારિયા, અમરેલીનાં આચાર્યની યાદી જણાવે છે કે, ધોરણ–૧૧ માં પ્રવેશ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાની શુભારંભ થઈ ગયો છે. તો જ.ન.વિ. પ્રવેશ પરીક્ષા ૨૦૨૩–૨૪ ધોરણ–૧૧ લેટરરલ એન્ટ્રી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહયા છે. તો લાગતા વળગતા વિદ્યાર્થી, વાલીઓ, માધ્યમિક શાળાનાં આચાર્યઓ, પ્રાથમિક શાળાનાં આચાર્યઓ નોંધ લેવી.

વધુમા જણાવેલ છે કે, જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા ૨૦૨૩–૨૪ ધોરણ ૧૧ લેટરરલ એન્ટ્રી માટે ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત થઈ ગઈ છે. તો નીચેની વિગતો અનુસાર વિદ્યાર્થીઓ ફોર્મ ઓનલાઈન ભરી શકો.

ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૧, મે–૨૦૨૩ રહેશે. (જો ફોર્મ ભરતી વખતે ખામી રહી ગઈ હોય તો તારીખ ૧ અને ૨ જુન–૨૦૨૩ બે દિવસ ભુલ સુધારણા કરી શકશે. લેટરરલ એન્ટ્રીની પરીક્ષા ૨૨/૦૭/૨૦૨૩ (બાવીશ જુદાઈ–૨૦૨૩) ને શનિવારે રોજ સવારે ૧૦ થી ૨ વાગ્યે નિર્ધારિત સમયગાળામાં લેવાનારી છે. આ માટે ધોરણ ૧૦માં સત્ર ૨૦૨૨–૨૩ (એપ્રિલ–૨૨ થી માર્ચ–૨૩) કોઈપણ માન્ય બોર્ડમાં સળંગ અભ્યાસ કરી પાસ થયેલ વિદ્યાર્થીઓ આવેદન કરી શકે છે.

ઓનલાઈન ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની જન્મ તારીખ ૦૧ જુન–૨૦૦૬ થી ૩૧ જુલાઈ– ૨૦૦૮ (બન્ને તારીખ સમલિત) આધારિત થતી હોવી જોઈએ.

ઓનલાઈન ફોર્મ ભરવા માંગતા વિદ્યાર્થીઓ નીચેની લિંક પર જઈ ફોર્મ ભરી શકે છે. www. navodaya.gov.in આ સંપુર્ણ આવાસી વિદ્યાલય છે. તેમાં સી.બી.એસ.સી.નો કોર્સ ચાલે છે. ઓનલાઈન ફોર્મ ભરવા પુર્વે આટલી તૈયારી રાખવી, વિદ્યાર્થીનો ફોટો ૧૦–૧૦૦ એમ.બી. વિદ્યાર્થીની સહીનો નમૂનો ૧૦–૧૦૦ એમ.બી.વાલીની સહીનો નમૂનો ૧૦–૧૦૦ એમ.બી. સુધી હોવું જોઈએ. તો જે વિદ્યાર્થી ધોરણ ૧૧માં સત્ર, ૨૦૨૩–૨૪ માટે પ્રવેશ લેવા માંગતા હોય અને સત્ર ૨૦૨૨–૨૩માં ધોરણ ૧૦ પાસ કર્યુ હોય કે પરિણામની રાહ જોતા વિદ્યાર્થીઓ આ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. આ સંપુર્ણ આવાસી વિદ્યાલય છે. તો લાગતા–વળગતા વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્ય વિશેષ નોંધ લે તેવી નવોદય વિદ્યાલય વિદ્યાલયનાં આચાર્ય વિજયકુમાર બોસની યાદી જણાવે છે.

# ગામમાં સ્મશાનની જમીન નીમ કરાવવાની કાર્યવાહી

અમદાવાદ, તા. ૨૩

ગામમાં સ્મશાનની જમીન નીમ કરવાના મુદ્દે કાયદેસર લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈ મુજબ જમીન નીમ કરી આપવાની કાર્યવાહી કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગામે સ્મશાન જમીન નીમ કરવા ગામના તલાટી/તાલુકા મામલતદાર /ડેપ્યુટી કલેકટર (પ્રાંત) / કલેકટર સમક્ષ અરજી કરી શકાય છે.

અરજી તલાટી સિવાય ગમે ત્યાં કરો છેલ્લે કાર્યવાહી માટે તો તલાટી સમક્ષ જ અરજી આવે છે, જે અરજી મળ્યા બાદ તલાટીએ કાર્યવાહી શરૂ કરી પંચાયતનો ઠરાવ, જગ્યાનો નકશો, સ્થળે કોઈપણ જાતનું દબાણ નથી અને જમીન ખુલ્લી છે. તેવો અભિપ્રાય, ખેતી લાયક જમીન નથી તેવો ખેતીવાડી અધિકારીનો દાખલો, અહીં ડેડબોડી ડિસપોઝ કરવામાં આવે તો લોકોના આરોગ્યને કોઈ નુકશાન થાય તેમ નથી તેવો સિવિલ સર્જનનો દાખલો/ અભિપ્રાય, સર્કલ ઓફિસર, મામલતદારનો અભિપ્રાય વિગેરે લિસ્ટ સાથે તલાટીએ ચેક લિસ્ટ ભરી મોકલી આપવાનું રહે છે. ગુજરાતના દરેક જિલ્લામાં જયાં અનુસૂચિત જાતિ/જન જાતિના લોકોની વસ્તી આવેલ છે. તેવા સ્થાનિક ગામે અનુસૂચિત જાતિ/જન જાતિના લોકો માટે સ્મશાનની જમીન નીમ કરવાની મુંબઈ જમીન મહેસુસ અધિનિયમ (લેન્ડ રેવન્યુ કોડ)–૧૮૭૯ની કલમ ૩૮ તથા ગુજરાત જમીન મહેસુલ નિયમો ૭૨ ના નિયમો ૭૨(૧) તથા પરિપત્ર ક્રમાંક જમન ૩૯૮૮ – ૧૧૧૬૨૮ – ગ. તા. ૨૩/૦૨/૧૯૬૯ની કાયદાકીય જોગવાઈઓનું સ્થાનિક સતાતંત્ર અમલીકરણ કરે તે માટે કાર્યવાહી કરાવી શકો છો. સ્મશાન નીમ કરવાની કાર્યવાહી શરૂ કરાવવા માટે ફકત સાદી અરજી કરવાની હોય છે.

કાંતિલાલ યુ.પરમાર
સામાજિક
કાર્યકર–અમદાવાદ
(ઍટ ધ રેટ)ગુજરાત
મો.નં.–૯૭૨૭૭૪૫૩૮૬

# લુણસાપુરની સિન્ટેક્ષ યાર્ન કંપની ખાતે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો







જાફરાબાદ તાલુકાની લુણસાપુર ગામે આવેલ સિન્ટેક્ષ યાર્ન કંપની ખાતે કામના સ્થળ પર સ્ત્રીઓની જાતિય સતામણી અધિનિયમ ૨૦૧૩ અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર મહિલા અને બાળ વિકાસ અધિકારી અમરેલીની કચેરી દ્વારા યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં પાસંગિક પ્રવચન સાથે જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી શૈલેષભાઈ કણજરીયા દ્વારા કંપનીના કામ કરનાર યુવતીઓને કામના સ્થળ પર જાતિય સતામણી અધિનિયમ ૨૦૨૩ની કાયદાકીય માર્ગદર્શનની સમજ આપવામાં આવી હતી તેમજ યુવા એડવોકેટ અજયભાઈ શિયાળ દ્વારા પણ આ કાયદા અંગેની વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ તકે સિન્ટેક્ષ યાર્ન કંપનીના પ્રોજેકટ હેડ એસ.આર. પ્રોડકટ હેડ સહિતના સ્ટાફ તથા એડવોકેટ સાવજભાઈ વિંછી અને સી.ડી.પી.ઓ. ઓફિસ જાફરાબાદ તથા સ્ટાફ સહિતના સહાયક કાર્યકર ઉપસ્થિત રહયા હતા.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૪-૦૫-૨૦૨૩, બુધવાર / તા. ૨૫-૦૫-૨૦૨૩, ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## રાજયનાં કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોરનાં વરદ્હસ્તે

# ભૈ વાહ : અમરેલીની ગજેરા સ્કૂલને જિલ્લાની બેસ્ટ સ્કૂલનો એવોર્ડ એનાયત

**રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીનાં પનોતા પુત્ર સ્વ. ડો. જીવરાજ મહેતા સ્થાપિત વિદ્યાસભા કેમ્પસમાં કાર્યરત શાળાએ ગૌરવ વધાર્યુ**

**સંસ્થામાં KGથી લઈ PG કક્ષાનું શ્રેષ્ઠત્તમ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે**

**ડોકટર, ઈજનેર ઉપરાંત સેનામાં જોડાઈ શકે તે માટે બાળકોને શિક્ષણ આપવામાં આવે છે**

**સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં નેતૃત્વમાં વિદ્યાસભા સંસ્થાનો શિક્ષણ ક્ષેત્રે ડંકો વાગી રહ્યો છે**




અમરેલી, તા. ૨૩
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ શાળાને સમગ્ર ગુજરાતમાં બેસ્ટ સ્કુલ એવોર્ડ કેબીનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોરના વરદ હસ્તે અર્પણ કરવામાં આવેલ.
શિક્ષણ જગતમાં અમરેલીમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ, વિદ્યાસભા કેમ્પસ અમરેલી જિલ્લાનાં શિક્ષણ ક્ષેત્રે ગૌરવવંતુ નામ છે. જે વર્ષ ૧૯૫૯થી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. જેમાં કેજી થી પીજી સુધીનાં અભ્યાસક્રમો શરૂ છે. ગુજરાતી અને ઈંગ્લિશ મિડયમ સ્કુલ, કોમર્સ, આર્ટસ અને સાયન્સ કોલેજો, એન્જીન્યરીંગ કોલેજ, એમ.બી.એ. કોલેજ તેમજ નર્સિંગ કોલેજ વગેરેમાં અમરેલીનાં બાળકોને ઓછી ફીમાં અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણકાર્ય થકી હજારો વિદ્યાર્થીઓએ પોતાનું બેસ્ટ કેરીયર બનાવ્યું છે. ડોકટર, એન્જિનિયર, કલાસ ૧ અધિકારીઓ તો ખરા પણ મિલેટ્રીમાં વિદ્યાસભાનાં બાળકો જોડાઈ શકે તે માટે એકેડમી પણ કાર્યરત છે. સંસ્થામાં અમરેલી જિલ્લાનું સૌપ્રથમ ડીઝીટલ કલાસરૂમ સાથે શિક્ષણ, રોબોટીકસ લેબમાં ઉચ્ચ કક્ષાનું નોલેજ આપતી એટીએલ અને ડી એન્ડ ટી લેબ તેમજ એસએજી અને સંસ્થાનાં સયુંકત ઉપક્રમે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ કાર્યરત છે. વધુમાં યશની કલગી સમાન આ વર્ષે જ્ઞાનશકિત રેસીડેન્સિયલ સ્કુલની પણ મંજુરી

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં માર્ગ અકસ્માતનું પ્રમાણ વધ્યું

# અમરેલી : કેરીયા રોડ બાયપાસ ચોકડીએ બાઈક અને બુલેટ વચ્ચે અકસ્માતમાં ૪ને ઈજા

અમરેલી, તા. ૨૩
અમરેલી તાલુકાનાં કેરીયાનાગસ ગામે રહેતા રોહિતભાઈ જેઠાભાઈ મેરીયા નામના ૩૧ વર્ષિય રત્ન કલાકાર યુવક તા. ૨૨ નાં રોજ મધ્યરાત્રીએ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીસી ૧૯૭ લઈ અને અમરેલીથી કેરીયાનાગસ જતાં હતા. આ બાઈક ઉપર પોતે તથા તેમના પત્ની, પુત્ર તથા ભત્રીજો બેઠા હોય ત્યારે કેરીયાનાગસ ચોકડીએ પહોંચતા કોઈ અજાણ્યા બુલેટ મોટર સાયકલ ચાલકે તેમના બાઈક સાથે અથડાવી દેતા આ ચારેય નીચે પડી જતાં ચારેયને નાની–મોટી ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડાયા હતા.

## લીલીયા તાલુકા પંચાયતનાં સદસ્યની માંગ

# સાવરકુંડલા–રંધોળા વચ્ચેનાં માર્ગની કામગીરી શરૂ કરવા માંગ

**ધારાસભ્ય કસવાલાને પત્ર પાઠવ્યો**

સાવરકુંડલા, તા.૨૩
સાવરકુંડલા – રંધોળા રોડનું કામ વિલંબમાં પડેલ હોય રોડની બન્ને બાજુ સાઈડ અકસ્માત સર્જે તેવી હાલતમાં હોય જે સાવરકુંડલા – લીલીયા, દામનગર સુધી અત્યંત બિસ્માર હાલતમાં રોડ અને સાઈડનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## તમાકુ નિયંત્રણ અધિનિયમ અંતર્ગત

# અમરેલી તાલુકા આરોગ્ય વિભાગની ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ કરાઈ

**વેપારી સામે કેસ કરી ૧૪૦૦ દંડ વસુલ્યો**



અમરેલી, તા. ૨૩
તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને વસુલાત અંગે સામાજિક જનજાગૃતિ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અને અમરેલી તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા શહેરનાં જાહેરમાર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો. જેમાં તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી કાયદાનો ભંગ કરનાર ૮ દુકાનધારકો અને જાહેરમાં ધુમ્રપાન

અનુસંધાન પાના ૬ ઉપર

ગુજરાતી માધ્યમ
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
OXFORD SCHOOL OF SCIENCE AMRELI
કાર્યક્ષેત્ર :-
ધો. 6 થી 12 (સાયન્સ/કોમર્સ)
એક કે બે વર્ષથી નહીં પરંતુ છેલ્લાં નવ વર્ષથી લગાતાર ધોરણ 12 સાયન્સ પરિણામમાં સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે " ઓક્સફર્ડ સ્કૂલ "
★ છેલ્લા 3 વર્ષમાં MBBS માં પ્રવેશ મેળવનાર = 24 વિદ્યાર્થીઓ ★
★ છેલ્લા 4 વર્ષમાં પેરામેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ મેળવનાર = 76 વિદ્યાર્થીઓ ★
★ છેલ્લા ૪ વર્ષમાં ગુજરાત રાજ્યની નામાંકિત કોલેજોમાં પ્રવેશ મેળવનાર ★
DAIICT (ધીરૂભાઈ અંબાણી ગાંધીનગર) = 24 વિદ્યાર્થીઓ
DDU (નડિયાદ) = 18 વિદ્યાર્થીઓ
L. D. (અમદાવાદ) = 20 વિદ્યાર્થીઓ
NIRMA (અમદાવાદ) = 06 વિદ્યાર્થીઓ
★ JEE/NEET ની બંને વર્ષ સંપૂર્ણ 100 % તૈયારી કરાવતી જિલ્લાની એકમાત્ર સ્કૂલ.
★ અન્ય મોટા શહેરોની ફી કરતાં 60 % જેટલી ઓછી ફી માં સંખ્યા ની દ્રષ્ટિએ તેના કરતાં પણ ખૂબ જ સારું પરિણામ આપતી સંસ્થા. (આ સંસ્થાના છેલ્લા નવ વર્ષના પરિણામોનો ખાસ અભ્યાસ કરવો)
★ ફુલ ડે સ્કૂલ, હોસ્ટેલ સુવિધા (ભાઈઓ તથા બહેનો માટે) તથા સંપૂર્ણ ક્વોલીફાઈડ અને 10 વર્ષથી 20 વર્ષ સુધીનો ભણાવવાનો અનુભવ ધરાવતો સ્ટાફ.
★ દર મહિને કેરિયર કાઉન્સેલિંગ અને મોટીવેશનલ સેમિનાર.
★ મોબાઈલ પ્રતિબંધ અને 100 % સેફટી ધરાવતું કેમ્પસ.
★ ધો. 10 માં 70 % થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સરકારશ્રી દ્વારા અપાતી ટ્યુશન અને JEE/NEET કોચીંગ સહાયનો 100% લાભ અપાવતી એકમાત્ર સંસ્થા. (રૂ. 35,000 થી રૂ. 50,000 સુધી)
ધોરણ - 11 સાયન્સ/કોમર્સમાં પ્રવેશ કાર્ય શરૂ છે
કેરિયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855
-: સંસ્થાના માર્ગદર્શકો :- ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ. શ્રી પરશોતમભાઈ રૂપાલા
-: શિક્ષકો એ જ સંચાલકો :- મથુરભાઈ ગજેરા. નિલેષભાઈ ગજેરા. પ્રહલાદભાઈ વામજા

Sheetal ICE CREAM
HIRING!
Job Location : Amreli
HR Recruiter
(Experience 1-2 Years)
Branding Manager
(Experience 1-2 Years)
Back Office Executive
(Experience 1-2 Years)
APPLY NOW
+91 95109 59957
hr@sheetalicecream.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)